RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક

**સુવિચાર**

ઉદય કોઈનો પણ અચાનક નથી
થતો સૂર્ય પણ ધીરે ધીરે નીકળે છે
અને ઉપરની તરફ ઉઠે છે...



જસદણના શિવરાજપુર ગામે પ્રૌઢની હત્યાઃ પુત્ર ગંભીર P-4

Year-16, Issue-258 ■ DATE : 14-02-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાનમાં સત્તા પરિવર્તન જ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનો ટ્રમ્પનો દાવો

## ઈરાન મામલે અમેરિકી રાષ્ટ્રપતિ આર યા પારનાં મૂડમાંઃ ૪૭ વર્ષથી માત્ર વાતોમાં સમય બરબાદ કરે છે ઈરાનઃ મામલાનો કાયમી ઉકેલ ઈચ્છે છે ટ્રમ્પ



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે છેલ્લા ૪૭ વર્ષથી ઈરાન વિલંબ કરી રહ્યું છે, જેના કારણે ઘણા લોકોના જીવ ગયા છે. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ ઈરાન મુદ્દાને હંમેશા માટે સમાપ્ત કરવા માંગે છે. ટ્રમ્પે સંકેત આપ્યો કે અમેરિકા તેની લશ્કરી તાકાત વધારી રહ્યું છે. તેમનું માનવું છે કે સમાધાનનો સમય પૂરો થઈ ગયો છે અને તેઓ વિશ્વમાં શાંતિ લાવવા માટે કડક પગલાં લેવા તૈયાર છે.

ઈરાન સાથે ચાલી રહેલી પરમાણુ વાટાઘાટો વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં શાસન પરિવર્તન એ શ્રેષ્ઠ બાબત હશે. તેમણે કહ્યું, અમે ઈરાનમાં એક ખૂબ મોટું વાહક જૂથ મોકલ્યું છે. હું એક સોદો કરવા માંગુ છું, પરંતુ તેમની સાથે વ્યવહાર કરવો મુશ્કેલ રહ્યો છે. ગઈ વખતે, મેં વિચાર્યું હતું કે અમે એક સોદો કરીશું. તેઓ પણ દુઃખ વ્યક્ત કરે છે કે તે ન થયું. મિડનાઈટ હેમરમાં અમે આવું જ કર્યું હતું.

ઉત્તર કેરોલિનામાં યુએસ સૈનિકોને સંબોધતા ટ્રમ્પે કહ્યું, કેટલીકવાર ડર જરૂરી હોય છે. તે એકમાત્ર વસ્તુ છે જે વસ્તુઓને ઠીક કરી શકે છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, યુએસ સૈન્ય ઈરાન સામે સંભવિત અઠવાડિયા લાંબા લશ્કરી કાર્યવાહી માટે તૈયારી કરી રહ્યું છે. બે યુએસ અધિકારીઓએ કહ્યું કે જો ટ્રમ્પ હુમલો કરવાનો આદેશ આપે છે, તો તે અત્યાર સુધી કરવામાં આવેલા સંઘર્ષ કરતાં ઘણો મોટો સંઘર્ષ હોઈ શકે છે. પેન્ટાગોન મધ્ય પૂર્વમાં બીજું એરક્રાફ્ટ કેરિયર, ફાઈટર જેટ, ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર અને હજારો વધારાના સૈનિકો મોકલવાની યોજના ધરાવે છે. આ જમાવટ આક્રમક અને રક્ષણાત્મક બંને હેતુઓ માટે છે.

ગયા વર્ષે, અમેરિકાએ ઈરાનના પરમાણુ મથકો સામે ઓપરેશન મિડનાઈટ હેમર શરૂ કર્યું, જે મર્યાદિત હુમલો હતો. સ્ટીલ્થ બોમ્બરોએ સીધા અમેરિકાથી ઉડાન ભરી, ઈરાની પરમાણુ મથકો પર હુમલો કર્યો અને પાછા ફર્યા. જવાબમાં, ઈરાને કતારમાં એક અમેરિકન બેઝ પર મર્યાદિત હુમલો કર્યો.

જોકે, આ વખતે, તૈયારીઓ વધુ જટિલ હોવાનું કહેવાય છે. અધિકારીઓના મતે, લાંબા સમય સુધી ચાલેલા ઓપરેશનથી ઈરાની સરકાર અને સુરક્ષા સુવિધાઓને જ નહીં, પણ પરમાણુ મથકોને પણ નિશાન બનાવી શકાય છે.

નિષ્ણાતો કહે છે કે ઈરાન પાસે મજબૂત મિસાઈલ શસ્ત્રાગાર છે અને તે કોઈપણ અમેરિકન હુમલાનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. યુએસ અધિકારીઓ માને છે કે આ હુમલો બંને દેશો વચ્ચે લાંબા સમય સુધી બદલો લેવાના હુમલાઓ શરૂ કરી શકે છે, જેનાથી પ્રાદેશિક યુદ્ધ શરૂ થવાની સંભાવના છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે પહેલાથી જ ચેતવણી આપી છે કે જો ઈરાન પર હુમલો કરવામાં આવે તો તે મધ્ય પૂર્વમાં કોઈપણ અમેરિકન લશ્કરી મથકને નિશાન બનાવી શકે છે. અમેરિકાના જોર્ડન, કુવૈત, સાઉદી અરેબિયા, કતાર, બહેરીન, યુએઈ અને તુર્કીમાં લશ્કરી મથકો છે.

## કાલે મધરાતે મહાશિવરાત્રીના મેળાનું સમાપનઃ હૈયેહૈયું દળાય તેવી માનવ મેદની

મહાશિવરાત્રીના મીની કુંભમેળામાં ચોથા દિવસે ભવનાથ તળેટીમાં હકડેઠઠ માનવ મહેરામણ ઉમટી પડયો છે. તળેટીમાં જયાં જુઓ ત્યાં માનવ કીડીયારૂ ઉભરાઈ રહ્યું છે. કયાંય પગ મુકવાની જગ્યા નથી. આવતીકાલે તા. ૧૫ના અંતિમ દિવસ છે આજે અને આવતીકાલે મેળામાં માનવ મેદનીથી ઉભરાઈ જશે. ખાસ કરીને આવતીકાલે તા. ૧૫ને રવિવારના રાત્રીના ૯ કલાકે ચારેય અખાડાના મહામંડલેશ્વર થાનાપતિઓ, ગાદીપતિઓ, નાગાબાવા અન્ય સાધુ- સંતો, મહંતો, મહિલા સાધુઓ, કિન્નર અખાડાના મહામંડલેશ્વરો , કિન્નરો પોતપોતાના નિશાન સાથે ધજા, તલવાર, ભાલા, લાઠી સહિતના સાથે બમ બમ ભોલે, હર હર મહાદેવના નાદ સાથે નીકળશે જે ભવનાથ ક્ષેત્રના મુખ્ય માર્ગો ઉપર ફરી દામોદરજી કુંડના રસ્તે થઈને પરત ફરશે. ઈન્દ્રભારતી આશ્રમના ગેઈટ થઈને ભવનાથ મદિરે પરત ફરી ભવનાથ મંદિરમાં આવી મૃગીકુંડના કાંઠે પૂજન-અર્ચન કર્યા બાદ શાહી સ્નાન કરશે.

# ચીનની સરહદ નજીક જ વડાપ્રધાન મોદીએ વાયુસેનાના ખાસ વિમાનમાં લેન્ડીંગ કર્યું

**મુખ્ય સમાચાર, ગુવાહાટી**

પુર્વોતર રાજયોમાં દેશની સુરક્ષા તૈયારીઓ ખાસ કરીને ચીન સાથેની સરહદ નજીક હવાઈદળની ક્ષમતાને એક મહત્વપૂર્ણ રીતે વધારવા આસામના દિબ્રુગઢમાં હવાઈદળના વિમાનો માટે તૈયાર કરેલ મોરન બાયપાસની ઈમરજન્સી લેન્ડીંગ ફેસીલીટી પર આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાયુસેનાના ખાસ વિમાનમાં લેન્ડીંગ કરીને એક નવો ઈતિહાસ બનાવ્યો છે.





મોદીના લેન્ડીંગ સાથે જ હાઈવે સ્થિત આ પટ્ટી હવાઈદળના વ્યુહાત્મક નેટવર્કનો હિસ્સો બની ગઈ છે. વડાપ્રધાને હવાઈદળના સી-૧૩૦ જે સુપર હરકયુલીસ વિમાન મારફત અહી લેન્ડીંગ કર્યુ હતું અને બાદમાં અહી ફાયટર વિમાન ટ્રાન્સપોર્ટ વિમાન તથા હેલીકોપ્ટરના એર શો નું પણ નિરીક્ષણ કર્યુ. જેના કારણે હવે આ ક્ષેત્રમાં સેના અને નાગરિક વિમાનોના ઈમરજન્સી લેન્ડીંગની સુવિધા ઉપલબ્ધ થઈ છે.

ખાસ કરીને યુદ્ધ કે તેવી કટોકટીભરી સ્થિતિમાં દેશભરમાં અનેક આધુનિક હાઈવે પર હવાઈદળ પોતાની લેન્ડીંગ સુવિધા ઉભી કરી છે જેમાં ઉતરપ્રદેશથી લઈને રાજસ્થાનમાં પણ આ પ્રકારે હવાઈદળ અને નાગરિક વિમાનોને અચાનક જ ઉતરવું પડે તો તે સુવિધા ઉપયોગી થશે. ઈમરજન્સી લેન્ડીંગ ફેસીલીટી ૪૦ ટન સુધીના ફાઈટર વિમાન અને ૭૪ ટન સુધીના ટ્રાન્સપોર્ટ વિમાનના લેન્ડીંગ અને ટેક ઓફની સુવિધા ધરાવે છે.

મોદીએ બાદમાં સુખોઈ-૩૦ રાફેલ અને એએન ૩૨ સહિત ૧૬ વિમાનો આ હવાઈ પટ્ટીમાં ટેક ઓફ અને લેન્ડીંગ કર્યું તે પણ નિહાળ્યું હતું. શ્રી મોદી આજે દિલ્હીથી ચાબુઆ એરફોર્સ બેઝ પર પહોંચ્યા હતા અને ત્યાંથી હાઈવે લેન્ડીંગના પરિક્ષણ માટે ટ્રાન્સપોર્ટ વિમાનમાં સવાર થયા હતા.

આ ઉપરાંત સ્વદેશી એડવાન્સ લાઈટ હેલીકોપ્ટર દ્વારા પણ ટેક ઓફ અને લેન્ડીંગ કરાયું હતું. ૪.૨ કી.મી.ની લાંબી હવાઈપટ્ટી પુર્વોતરમાં પહેલી સુવિધા છે અને બાદમાં વડાપ્રધાન અહીના મથક પર વિવિધ સુવિધાઓ પણ નિહાળી હતી. મોદીના આ કાર્યક્રમમાં હવાઈદળના વડા એર માર્શલ અમરપ્રીત સિંઘ સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા.

# BNP એ ચૂંટણી જીતતા જ શેખ હસીનાને સોંપી દેવા ભારત સમક્ષ કરી માગ

**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીમાં તારિક રહેમાનની પાર્ટી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ પ્રચંત બહુમતી મેળવી છે. ચિંતાજનક વાત એ છે કે, ચૂંટણી જીતતા જ BNPએ ભારત સમક્ષ એવી માંગ કરી છે, જે બંને દેશો વચ્ચે ટેન્શન ઉભું કરી શકે છે.

વાસ્તવમાં BNPએ તેના કટ્ટર રાજકીય હરીફ અને પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને ભારતમાંથી પ્રત્યાર્પિત કરવાની માંગ ફરીથી દોહરાવી છે. પાર્ટીનું કહેવું છે કે હસીનાએ બાંગ્લાદેશમાં મુકદ્દમાનો સામનો કરવો જોઈએ.

BNPની મોટી જીત થયાના થોડાંક જ સમયમાં પાર્ટીના સ્ટેન્ડિંગ



કમિટીના સભ્ય સલાહુદ્દીન અહમદે કહ્યું કે, તેમની પાર્ટી હસીના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી ચલાવવા માટે તેમને બાંગ્લાદેશ સોંપવાની ભારતને ઔપચારિક વિનંતી કરે છે.

તેમણે કહ્યું કે, તેમની પાર્ટી સતત માંગ કરતી રહી છે કે, હસીનાને બાંગ્લાદેશ લાવીને કાયદા હેઠળ કેસનો સામનો કરાવવો જોઈએ. બંને દેશોના વિદેશ મંત્રાલયે મળીને કાયદાકીય પ્રક્રિયા હેઠળ આ મામલાનો નિવેડો લાવવો જોઈએ અને ભારત આ મામલે સહયોગ આપે તેવી આશા છે.

અહમદે એવું પણ કહ્યું કે, ‘અમારો દેશ ભારત સહિત તમામ દેશો સાથે પરસ્પર સન્માન પરના મિત્રતા કરવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાઈ હતી. આ જ દિવસે શેખ હસીનાએ બાંગ્લાદેશને ચૂંટણીને દેખાડો કહ્યો હતો અને ચૂંટણીને રદ કરવાની માંગ કરી કરી હતી.

બીજીતરફ હસીના મામલે ભારતે પહેલેથી વલણ સ્પષ્ટ રહ્યું છે કે, ભારતને પ્રત્યાર્પણની વિનંતી મળી છે અને તેના પર કાયદાકીય તથા ન્યાયિક પ્રક્રિયા હેઠળ તપાસ કરવામાં આવી રહી છે.

# પગારદાર કર્મચારીઓને અપાતા કેન્ટીન ફુડ કુપનમાં વર્ષે ૧.૦૫ લાખની કર બચત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી તા.૧ એપ્રિલથી દેશમાં લાગુ થવા જઈ રહેલા નવા આવકવેરા કાનુનોમાં પગારદાર-કર્મચારીમાં જેને કંપનીઓ કેન્ટીનમાં જે ઓછા ભાવે (સબ્સીડાઈઝ) ભોજન અથવા ફુડ કુપન આપે છે તેમાં આવકવેરા મુક્તિ મર્યાદા રૂા.૫૦થી વધારીને રૂા.૨૦૦ કરવામાં આવતા લાખો કર્મચારીઓને ફાયદો થશે અને નાની લાગતી આ રકમ વાસ્તવમાં પુરા નાણાકીય વર્ષમાં મોટી થઈ જાય છે.

રૂા.૨૦૦ સુધીના ફ્રી ભોજન કે સબ્સીડાઈઝ ભોજન અથવા તો તેટલી રકમના ફુડ કુપન કંપનીઓ એક મહિનામાં સરેરાશ ૨૨ વર્કીંગ ડે ના આપે તો કુલ કિંમત રૂા.૮૮૦૦ થાય છે જે પુરા વર્ષમાં રૂા.૧,૦૫,૬૦૦ જેટલી થાય છે. કર્મચારીના વાર્ષિક પગારમાં આમ રૂા.૧.૦૫ લાખની રકમ કરમુક્ત બનશે. તેના પર કોઈ વેરા જવાબદારી રહેશે નહી તેથી તેને પગારમાં બચત થશે.

આ ઉપરાંત બાળકોના શિક્ષણ પાછળ મહતમ બે બાળકો માટે પ્રતિ માસ રૂા.૩૦૦૦નો શિક્ષણ ખર્ચ પણ બાદ મળશે તો જો સંતાન હોસ્પિટલ પર રહેતો હોય તો પ્રતિ માસ પ્રતિ આવક રૂા.૯૦૦૦ સુધીની રકમ કરમુક્ત થશે.

આમ સેલેરી કલાસ માટે તે મોટી રાહત હશે. અગાઉ એચઆરએ માં પણ જૂની કર વ્યવસ્થા હવે અમદાવાદ સહિત ૪ નવા મહાનગરો ઉમેરાયા છે. જેમાં હવે ૫૦% છુટ છે જયારે અહી શહેરોમાં તે ૪૦% રહેશે. આમ જૂના રીજીમને આકર્ષક બનાવાયુ છે.

# આજે પ્રેમનું પર્વ વેલેન્ટાઈન-ડેઃ યુવા હૈયાઓમાં થનગનાટ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

વેલેન્ટાઈન ડે દરેક કપલ માટે ખૂબ જ ખાસ હોય છે. લવ બર્ડ્સ ઘણા સમયથી આની રાહ જોઈ રહ્યા છે. લવ વીકના છેલ્લા દિવસે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવે છે. પ્રેમના મહિનાનો સૌથી ખાસ દિવસ માનવામાં આવે છે. વેલેન્ટાઈન ડેને લઈને કપલ્સ ખૂબ જ ઉત્સાહિત હોય છે. વેલેન્ટાઈન ડે એ એક એવો દિવસ છે જ્યારે યુગલો તેમની લાગણીઓ તેમના પ્રિયજનો સમક્ષ ખુલ્લેઆમ વ્યક્ત કરે છે.ફેબ્રુઆરી મહિનો પ્રેમનો મહિનો ગણાય છે. આ મહિનામાં વેલેન્ટાઈન ડે ઉજવવામાં આવે છે. યુગલો આ દિવસની આતુરતાથી રાહ જોતા હોય છે. આ દિવસે યુગલો એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. વેલેન્ટાઈન ડે લવ વીકનો છેલ્લો દિવસ છે. આ સાથે વેલેન્ટાઈન વીક સમાપ્ત થાય છે. દર વર્ષે ૧૪મી ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં વેલેન્ટાઈન ડે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીના રોજ પૂરી દુનિયામાં વેલેન્ટાઇન ડે ઉજવવામાં આવે છે. વેલેન્ટાઇન વીકની શરૂઆત રોઝ ડેથી થાય છે. એક અઠવાડિયું વેલેન્ટાઇન વીક મનાવવામાં આવે છે. ૭થી ૧૪ ફેબ્રુઆરી સુધી વેલેન્ટાઇન વીક ઉજવવામાં આવે છે જેમાં હગ ડે, રોઝ ડે, ચોકલેટ ડે, પ્રોમિસ ડે, કિસ ડે અને ટેડી ડેનો સમાવેશ થાય છે. આ દિવસોમાં પ્રેમી પંખીડા એકબીજાને ગિફ્ટ આપીને આ દિવસોને સેલિબ્રેટ કરતા હોય છે. આમ, આજે એટલે કે ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઇન ડે મનાવવામાં આવે છે. આ દિવસ પાછળની કહાની બહુ રોચક છે.

# મુંબઈમાં મેટ્રો પિલરનો સ્લેબ ધરાશાયી રિક્ષા અને કારનો કચ્ચરઘાણ, ૪થી વધુ ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈના મુલુંડ પશ્ચિમ વિસ્તારમાં શનિવારે બપોરે મેટ્રો નિર્માણ કાર્ય દરમિયાન એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. એલબીએસ રોડ પર જોનસન એન્ડ જોનસન કંપની નજીક નિર્માણાધીન મેટ્રો પિલરનો સિમેન્ટનો મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો હતો. આ કાટમાળ નીચેથી પસાર થઈ રહેલી એક ઓટો રિક્ષા અને કાર પર ખાબકતા અફરાતફરી મચી ગઈ હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના બપોરે આશરે ૧૨૨૦ વાગ્યે બની હતી. દુર્ઘટના સમયે રિક્ષામાં સવાર ૩ થી ૪ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની આશંકા છે. પિલરનો હિસ્સો એટલો વજનદાર હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

ઘટનાની જાણ થતા જ મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, મેટ્રોના ઉચ્ચ અધિકારીઓ, વોર્ડ સ્ટાફ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. પોલીસે સાવચેતીના ભાગરૂપે વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને એલબીએસ રોડ પરનો ટ્રાફિક અન્ય માર્ગે ડાયવર્ટ કર્યો છે. હાલમાં આ દુર્ઘટના પાછળ મેટ્રો કોન્ટ્રાક્ટરની બેદરકારી છે કે અન્ય કોઈ કારણ, તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

# બાંગ્લાદેશની ચૂંટણીમાં હિન્દુ સમુદાયના ૭૯ ઉમેદવારોએ ઝંપલાવેલુ જીત્યા માત્ર ૪

**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં ૧૮ મહિનાના રાજનીતિક ધમાસાણ બાદ થયેલી ૧૩મી સંસદીય ચુંટણીના પરિણામો હવે જાહેર થઈ ગયા છે અને મુખ્ય વિપક્ષી દળ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી)એ જોરદાર જીત મેળવી છે પરંતુ સાથે સાથે ચિંતાજનક વાત એ પણ બહાર આવી છે કે આ ચુંટણી જંગમાં બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાયના ૭૯ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું, જેમાંથી માત્ર ૪ ઉમેદવારો જીત્યા છે. બાંગ્લાદેશમાં હિન્દુની વસ્તી લગભગ ૮ ટકા છે, પરંતુ આ ચુંટણીમાં માત્ર ચાર હિન્દુ ઉમેદવાર જીત્યા છે.





આ આંકડો છેલ્લા ૨૦ વર્ષમાં લઘુમતીનું સૌથી ઓછું પ્રતિનિધિત્વ બતાવે છે. આ પરિણામો દેશમાં લઘુમતીઓની ભાગીદારી પર સવાલ તો ઉભા કરી રહ્યા છે, સાથે સાથે દેશની બદલતી રાજનીતિક તસવીરને પણ ઉઘાડી પાડે છે.

આ ચુંટણીમાં ધ્યાન ખેંચનારી બાબત એ છે કે લઘુમતીઓનું સીમીત પ્રતિનિધિત્વ રહ્યું છે. પુરી ચુંટણીમાં જીતેલા લઘુમતીઓમાં ત્રણ હિન્દુ અને એક આદિવાસીનો સમાવેશ થાય છે.

છેલ્લા ૨૦ વર્ષોમાં ચુંટણીઓમાં લઘુમતી પ્રતિનિધિત્વ સામાન્ય રીતે ૧૪થી૨૦ સીટો સુધી રહેતું હતું પણ આ વખતે આ સંખ્યા ખૂબ જ ઓછી રહી. બાંગ્લાદેશની રાજનીતિમાં લઘુમતી સમુદાયની સુરક્ષા અને પ્રતિનિધિત્વ હજું પણ પડકારજનક છે. આ ઘટનાએ નવી ચર્ચાને જન્મ આપ્યો છે.

# અલગતાવાદી નેતા પન્નુની હત્યાનું ષડયંત્ર રચ્યાનો નિખિલ ગુપ્તાનો એકરાર



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ખાલિસ્તાની અલગતાવાદી નેતા ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરામાં આરોપી ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાએ અમેરિકાની અદાલતમાં પોતાના ગુનાની કબૂલાત કરી લીધી છે. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મેનહટનની ફેડરલ કોર્ટમાં સુનાવણી દરમિયાન ગુપ્તાએ હત્યાનું કાવતરૂ ઘડવા અને મની લોન્ડરિંગના આરોપોમાં પોતે દોષિત હોવાનું સ્વીકાર્યું હતું.

અગાઉ જૂન ૨૦૨૪માં તેણે આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ હવે અમેરિકન મેજિસ્ટ્રેટ જજ સારા નેટબર્ન સમક્ષ અરજી દાખલ કરીને પોતાનો દોષ સ્વીકારી લીધો છે. આ આરોપો સાબિત થવા પર તેને મહત્તમ ૪૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ સમગ્ર કાવતં વર્ષ ૨૦૨૩માં ત્યારે પ્રકાશમાં આવ્યું હતું જ્યારે અમેરિકન સત્તાવાળાઓએ ન્યૂયોર્ક સિટીમાં પન્નુની હત્યાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

અમેરિકન અને કેનેડિયન નાગરિકતા ધરાવતો પન્નુ ’શીખ ફોર જસ્ટિસ’ સંગઠનનો વડો છે, જે ભારતમાં પ્રતિબંધિત છે. અમેરિકન પ્રોસિક્યુટર્સનો આરોપ છે કે નિખિલ ગુપ્તાએ એક ભારતીય સરકારી અધિકારીના નિર્દેશ પર આ યોજના બનાવી હતી અને હત્યા માટે અમેરિકામાં એક વ્યક્તિને ૧૫,૦૦૦ ડોલર રોકડ પણ આપ્યા હતા. જોકે, ભારત સરકારે આ કેસમાં કોઈપણ પ્રકારની સંડોવણીનો ઈન્કાર કર્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે આવી પ્રવૃત્તિઓ સરકારી નીતિની વિરુધ્ધ છે.

નિખિલ ગુપ્તાની ધરપકડ જૂન ૨૦૨૩માં ચેક રિપબ્લિકમાં કરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૦૨૪માં તેને અમેરિકા પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. આ કેસ કેનેડામાં થયેલી અન્ય એક શિખ અલગતાવાદીની હત્યા સાથે પણ જોડાયેલો માનવામાં આવે છે, જેના કારણે ભારત, અમેરિકા અને કેનેડાના રાજદ્વારી સંબંધો પર માઠી અસર પડી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે આ ઘટનાક્રમ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તે સીધી રીતે વિદેશી ધરતી પર રાજકીય હત્યાના કાવતરા સાથે જોડાયેલો છે.

હવે જ્યારે નિખિલ ગુપ્તાએ ગુનો સ્વીકારી લીધો છે, ત્યારે આ કેસમાં કાવતરાખોરોની ઊંડી તપાસ માટે નવા માર્ગો ખૂલી શકે છે. આ મામલે સજા અંગેની સુનાવણી ૧૫ મેના રોજ હાથ ધરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# માળીયા(મી)ની ભીમસર ચોકડી પાસે ટ્રકમાંથી ૧.૩૮ કરોડનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો



## સ્ટેટ મોનીટરીંગ સેલની મોટી કાર્યવાહી ૧૯,૦૬૮ બોટલ કબ્જે, બે ઝડપાયા, સાત ફરાર જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાની એલસીબી અને સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા માળીયા(મી) નજીકથી ટ્રકમાંથી મોટા પ્રમાણમાં દારૂ-બિયરનો જંગી જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)ના ભીમસર ચોકડી નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ટ્રકમાંથી વિદેશી દારૂ-બિયરની ૧૯ હજારથી વધુ બોટલ કિ.રૂ.૧.૩૮ ઝડપી લેવાય હતી. દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૧.૬૩ કરોડના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય સાત શખ્સો સહિત નવ સામે ગુનો નોંધાયો છે.

મોરબી જીલ્લામાં ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં એસએમસીની ટીમને બાતમી મળી હતી કે પંજાબથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ટ્રક મારફતે ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે માળીયા(મી) પોલીસ સ્ટેશનની હદમાં ભીમસર ચોકડી નજીક સ્વાગત પેટ્રોલિયમના પાર્કિંગમાં વોચ ગોઠવવામાં આવી હતી. ત્યાં ઉભેલી ટ્રક રજી.નં. આરજે-૦૭-જીડી-૨૮૫૨ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની કુલ ૧૯,૦૬૮ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.૧,૩૮,૦૪,૦૮૦/- થતી હોય. આ સાથે પોલીસે આરોપી ટ્રક ચાલક વિક્રમસિંહ નારાયણસિંહ ચૌહાણ રહે. નાલબારી જી.બિકાનેર રાજસ્થાન અને ક્લીનર કમલ કિશોર પ્રેમરામ મારુ રહે. બિકાનેર રાજસ્થાન વાળાની ધરપકડ કરી છે. અન્ય આરોપીઓમાં સાત શખ્સો જેમાં મુખ્ય સપ્લાયર રમેશ લખમારામ જાટ રહે.બાડમેર રાજસ્થાન, બલવીર સોહનદાસ જાટ રહે.હનુમાનગઢ રાજસ્થાન, જબ્બાર બિશ્નોઈ રહે. સાંચોર રાજસ્થાન, સામખીયાળી દારૂ લેવા આવનાર શખ્સ, ભટીંડા(પંજાબ)થી ટ્રક લઈ જનાર અજાણ્યો શખ્સ, ભટીંડામાં દારૂ ભરેલ ટ્રક પરત આપવા આવનાર શખ્સ તથા ટ્રક માલીક સહિત કુલ સાત જેટલા આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ કેસમાં દારૂ ઉપરાંત ટ્રક રૂ.૨૫ લાખ, રોકડ રકમ રૂ.૨૩,૫૮૦/-, બે મોબાઈલ રૂ.૧૦ હજાર તથા કવરિંગ મટીરીયલ સહિત કુલ રૂ.૧,૬૩,૫૧,૧૬૦/- નો મુદ્દામાલ કબ્જે લેવાયો છે. આ સાથે એસએમસી એ તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# ઉનાના કાજરડી ગામે કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાંથી ધન કચરો ઠલવાતો હોવાની રાવ ઉઠી

## ગ્રામ્યજનોના આરોગ્ય પર ખતરો ઉભો કરનારા સામે યોગ્ય કાર્યવાહી કરવા તાલુકા પૂર્વ પ્રમુખ સામતભાઈ ચારણીયાની રજૂઆત



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના કાજરડી ગામે ગામના ભાગોળે આવેલા માનવ વસાહત તેમજ પશુઓના પીવાના પાણીના અવેડા ની તદ્દન નજીક કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ માંથી વાહનો મારફતે ધન કચરો ઠલવાતો હોવાથી મુંગા પશુઓ તેમજ ગ્રામજનો ઉપર આરોગ્ય નો મોટા ખતરો ઉભો થયો રહ્યો છે કેન્દ્રશાસિત દીવ જે તાલુકા ઉના તાલુકાના કાજરડી ગામના નજીક હોવાને કારણે આ કચરો અહીં ઠલવાતા લોકોના જીવનું જખમ ઊભું થઈ રહ્યું છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં લોકોને અનેક બીમારીઓ થઈ રહી છે જે વિસ્તારમાં કચરો ઠલવાય છે ત્યાંથી સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં આ કચરો ઉડીને આવે છે અને લોકો માટે આફત બની છે. આ ડમ્પિંગ સાઈડ પર માથું ફાટી જાય તેવી બદબુદાર ગંદકીના પહાડ ખડકાતાં સ્થાનિક લોકોના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે. આ ઠાલવવામાં આવેલ ગંદકીનો સત્વરે નિકાલ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે આ ગંદકીને તાત્કાલિક ધોરણે દૂર કરીને જવાબદારો સામે કાર્યવાહી તાલુકા પૂર્વ પ્રમુખ સામતભાઈ ચારણીયા દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા ધારદાર રજૂઆત કરી છે

# મોરબી મનપાની ફૂડ શાખા દ્વારા ઓનલાઈન ફૂડ લાઈસન્સ માટે માર્ગદર્શિકા જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરના તમામ ખાદ્યપદાર્થના વિક્રેતાઓને ઘેર બેઠા ઓનલાઈન ફૂડ લાઈસન્સ અને રજીસ્ટ્રેશન કરવાની સુવિધા અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. હવે નવા લાઈસન્સ અને રજીસ્ટ્રેશન માટે foscos.fssai.gov.in પોર્ટલ પર સરળતાથી અરજી કરી શકાય છે. આગામી સમયમાં ચકાસણી અને સેમ્પલિંગ પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવનાર હોવાથી વેપારીઓને તાકીદે ઓનલાઈન નોંધણી કરવા અનુરોધ કરાયો છે.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ખાણી-પીણીના તમામ ધંધાર્થીઓ-મીઠાઈ-ફરસાણના વેપારીઓ, હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલકો, કરિયાણા વેપારીઓ, ડેરી-પાર્લર, આઈસ્ક્રીમ વિક્રેતા, લારી-ગલ્લા ચલાવતા વેપારીઓ સહિતને ફૂડ લાઈસન્સ/રજીસ્ટ્રેશન ઓનલાઈન કરાવવાની સૂચના આપવામાં આવી છે. જે વેપારીઓએ હજુ સુધી ફૂડ રજીસ્ટ્રેશન કરાવ્યું નથી તેઓએ તાકીદે foscos.fssai.gov.in વેબસાઈટ પર સવારે ૭ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકે છે. પ્રક્રિયા મુજબ પ્રથમ લોગિન બનાવી આઈડી-પાસવર્ડ તૈયાર કરવો, ગુજરાત રાજ્ય પસંદ કરવું, ધંધાનો પ્રકાર પસંદ કરવો, જરૂરી ડિક્લેરેશન સ્વીકારવું, નિર્ધારિત ફી ભરવી, ફોર્મમાં વિગતો ભરી ફૂડ પ્રોડક્ટ કેટેગરી પસંદ કરવી અને સ્વ-પ્રમાણિત દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ અધિકારીઓ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે અને જરૂર જણાય તો પ્રીમાઈસીસ ઈન્સ્પેક્શન કરવામાં આવશે. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ક્યુઆર કોડ સાથેનું ઓનલાઈન લાઈસન્સ જારી કરવામાં આવશે.

ફૂડ સેફટી ઈન્સ્પેક્ટર દ્વારા નિયમિત રીતે ફૂડ રજીસ્ટ્રેશન, સ્વચ્છતા નિરીક્ષણ અને નમૂનાઓની ચકાસણી કરવામાં આવે છે. આગામી સમયમાં આ કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવશે, તેથી તમામ ખાદ્યપદાર્થના વિક્રેતાઓને નિયમ મુજબ ઓનલાઈન ફૂડ લાઈસન્સ મેળવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી સબજેલમાં બે મોબાઈલ મળતા ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સબજેલ ખાતે ઝડતી સ્કવોર્ડ જેલર અમદાવાદ દ્વારા લેવામાં આવેલી ઝડતી દરમિયાન બાથરૂમમાંથી બે મોબાઈલ ફોન મળી આવતા ચકચાર મચી છે. આ મામલે સ્કવોર્ડ જેલરની ફરિયાદને આધારે મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કોઈ કેદી કે અન્ય તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૨૩ તથા પ્રિઝન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી સબજેલ ખાતે ઝડતી સ્કવોર્ડ જેલર અને સ્ટાફ દ્વારા ઝડતી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સર્કલ નંબર-૨ના બેરેક નંબર ૩ અને ૪ વચ્ચે આવેલા જનરલ સંડાસ-બાથરૂમ તથા બેરેક નંબર ૪ થી ૬ના બાથરૂમના પાણી જવાના બાકોરામાં કાળા ઝબલામાં વિંટાળી છુપાવવામાં આવેલા બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા મોબાઈલમાં એક એચએમડી કંપનીનો અને બીજો હીરો કંપનીનો હોવાનું તેમજ બંને ફોન સીમકાર્ડ વગરના હોવાનું સામે આવ્યું છે. જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ઘુસાડવામાં આવ્યા હોવાની ગંભીર બાબત સામે આવતા સ્કવોર્ડ જેલર ગ્રુપ-૧ અમદાવાદ જેલર દેવશીભાઈ રણમલભાઈ કરંગીયા ઉવ.૫૪ દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, આ મોબાઈલનો ઉપયોગ કયા કેદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો? શું તેના મારફતે કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવવામાં આવી હતી? તેમજ જેલની અંદર આ પ્રતિબંધિત વસ્તુ કેવી રીતે પહોંચાડી, તેમાં કોઈ જેલ કર્મચારીની સંડોવણી છે કે નહીં ? ત્યારે તે તમામ મુદ્દાઓ અંગે એ ડિવિઝન પોલીસે અજાણ્યા કેદી કે તપાસમાં ખુલ્લે તે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૨૩ તથા પ્રિઝન એક્ટ કલમ ૪૨, ૪૩ અને ૪૫(૧૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક સીએનજી રીક્ષામાંથી ૩૦૦ લીટર દેશી દારૂ પકડાયો

## માળીયા પોલીસે રીક્ષાનો પીછો કરતા રીક્ષા રેઢી મૂકીને ચાલક નાસી ગયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)માં દેશી-વિદેશી દારૂ પકડાવવાનો સીલસીલો યથાવત રહ્યો હતો. પ્રથમ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરી ટ્રકમાંથી વિદેશી દારૂ-બિયરનો જંગી જથ્થો પકડી લેવામાં આવ્યા બાદ મોડીરાત્રીના સ્થાનિક પોલીસ દ્વારા પૂર્વ બાતમીને આધારે ભીમસર ચોકડી નજીકથી સીએનજી રીક્ષામાંથી ૩૦૦ લીટર દેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે પોલીસ દ્વારા પીછો કરતા રીક્ષા ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો.

મળતી વિગતો મુજબ, માળીયા(મી) પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે હળવદ સાઈડથી દેશી દારૂ ભરીને એક સીએનજી રીક્ષા કચ્છ તરફ જવાની હોય ત્યારે મળેલ બાતમીને આધારે માળીયા(મી) પોલીસ ટીમ ભીમસર ચોકડી નજીક વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૧૧૭૯ ત્યાંથી પસાર થતા તેને ઉભી રાખવા ઈશારો કરતા, રીક્ષાના ચાલકે પોતાનું વાહન ઉભું નહિ રાખી, રીક્ષા લઈને ભાગી ગયો હતો, ત્યારે માળીયા પોલીસ ટીમ દ્વારા રીક્ષાનો પીછો કરતા, ચાલક અંધારાનો લાભ લઈને રીક્ષા રેઢી મૂકીને નાસી ગયો હતો. ઉપરોક્ત સીએનજી રીક્ષાની તલાસી લેતા તેમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ. ૬૦,૦૦૦/- મળી આવ્યો હતો. આ સાથે પોલીસે દારૂ તથા રીક્ષા સહિત કુલ રૂ.૧,૬૦,૦૦૦/;નો મુદ્દામાલ કબ્જે લઈ નાસી છુટેલ રીક્ષા ચાલક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લાના SSC-HSCના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન સેન્ટરો કાર્યરત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા લેવાનારી SSC અને HSCની પરીક્ષાઓ આગામી તારીખ ૨૬/૦૨/૨૦૨૬ થી ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. પરીક્ષાના આ સમયગાળા દરમિયાન જામનગર શહેર તથા જિલ્લાના તમામ તાલુકા મથકોના વિદ્યાર્થીઓ તથા વાલીઓને મૂંઝવતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન અને સચોટ ઉકેલ મળી રહે તેવા શુભ હેતુથી તાલુકા વાર વિવિધ હેલ્પલાઇન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે.આ માટે વિદ્યાર્થીઓની સહાય માટે જિલ્લાના શ્રેષ્ઠ અને અનુભવી શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં જિલ્લા કક્ષાએ માર્ગદર્શન માટે એમ.ટી. વ્યાસ ૯૮૨૪૫ ૧૮૧૯૯ જયસુખભાઈ ચાવડા ૯૮૨૪૨ ૦૬૨૬૪.અને સુરભીબેન પંડ્યા ૯૭૨૬૭ ૧૧૮૬૫.સતત કાર્યરત રહેશે. જામનગર તાલુકાના વિદ્યાર્થીઓ કેશુભાઈ ઘેટિયા ૯૪૨૭૭ ૭૪૧૭૩ અને કમલેશભાઈ શુક્લ ૯૯૧૩૭ ૦૧૭૭૧ નો સંપર્ક કરી શકશે. જ્યારે લાલપુર તાલુકા માટે ડો.કમલેશભાઈ વિસાણી ૭૬૯૮૦ ૯૪૧૪૨ અને.વર્ષાબેન ત્રિવેદી ૮૨૦૦૫ ૩૪૦૭૭ સેવા આપશે.કાલાવડ તાલુકાના વિદ્યાર્થીઓ માટે જ્યોતિબેન વાળા ૯૪૨૮૨ ૧૬૭૮૮ તથા જ્યોત્સનાબેન દવે ૯૪૨૯૧ ૪૧૩૯૧ માર્ગદર્શન પૂરું પાડશે. ધ્રોલ અને જોડિયા તાલુકા માટે મુકેશભાઈ જોશી ૯૪૨૭૨ ૩૩૧૪૪ અને માલાબેન ઠાકર ૯૪૨૭૨ ૦૭૫૦૩ની નિમણૂક કરવામાં આવી છે. જામજોધપુર તાલુકાના વિદ્યાર્થીઓ બિંદુબેન ભટ્ટ ૯૪૨૭૯ ૪૪૮૫૫ અને એચ. આર. માલવિયા.૯૯૨૫૮ ૫૯૧૫૮ નો સંપર્ક કરી મૂંઝવણ દૂર કરી શકશે.

સ્થાનિક સેવાઓ ઉપરાંત, રાજ્ય કક્ષાએ મદદ મેળવવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ સવારે ૧૦૦૦ થી સાંજે ૬૦૦ ઉપલબ્ધ છે. પરીક્ષાની ચિંતા કે માનસિક તણાવને દૂર કરવા માટે ૨૪ કલાક સેવારત 'જીવન આસ્થા' હેલ્પલાઇન નંબર ૧૮૦૦-૨૩૩-૩૩૩૦ પર સંપર્ક કરી શકાશે. વધુમાં, વિદ્યાર્થીઓ અને વાલીઓ કોઈપણ આપાતકાલીન સ્થિતિમાં સ્ટેટ કન્ટ્રોલ નંબર ૯૯૦૯૦ ૩૮૭૬૮ અને ૦૭૯-૨૩૨૨૦૫૩૮ પર પણ સંપર્ક કરી સુવિધા મેળવી શકશે.

# મોરબીના ધુળકોટ ગામની સીમમાંથી જામગરી બંદુક સાથે એક શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમે ધુળકોટ ગામની સીમમાંથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.

મોરબી જીલ્લામાં દારૂ, જુગાર, એનડીપીએસ તથા આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવા જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. તે અનુસંધાને મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ કાર્યરત હતી. ત્યારે ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે મોરબી તાલુકાના ધુળકોટ ગામની સીમ વિસ્તારમાં રેઈડ કરવામાં આવી હતી. જેમાં આરોપી ગફારભાઈ સુલેમાનભાઈ મોરી ઉવ. ૫૩ રહે. ટાટાનગર બજરંગ હોટલ પાસે ધુળકોટ તા-જી.મોરબી વાળાને દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિ.રૂ. ૧,૫૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરી તાલુકા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં બેટરીના પાણીના પાર્સલની આડમાં વિદેશી દારૂની હેરાફેરીના કૌભાંડનો પર્દાફાશ, એક આરોપીની અટક



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડીવીજન પોલીસ દ્વારા પૂર્વ બાતમીને આધારે લાતી પ્લોટ શેરી નં.૬ ના નાકે રેઈડ કરી બેટરીના પાણીના પાર્સલની આડમાં મંગાવવામાં આવેલ વિદેશી દારૂની ૧૨૪૮ બોટલ ઝડપી લેવામાં આવી હતી. આ સાથે પોલીસે એક આરોપીની અટક કરી કુલ રૂ.૪,૫૭,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે રાજકોટના મુખ્ય આરોપીને ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

મોરબી સીટી એ ડીવીજન પોલીસને બાતમી મળી હતી કે વાપીથી મોરબી આવતી ખાનગી ટ્રાવેલ્સ મારફતે બેટરીના પાણીના પાર્સલની આડમાં વિદેશી દારૂ મંગાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે લાતીપ્લોટ શેરી નં.૬ના નાકા પાસે રેઈડ કરવામાં આવતા લોડીંગ રીક્ષા નં. જીજે-૦૩-બીએક્સ-૫૮૧૦ માંથી કુલ દસ પાર્સલ બોક્સ મળી આવ્યા હતા. જેમાંથી ત્રણ બોક્સમાં બેટરી પાણીની ૧૮ બોટલ અને અન્ય સાત બોક્સમાં વિદેશી દારૂની ૧૮૦મીલી.ની કુલ ૧૨૪૮ બોટલ કિ.રૂ.૪,૦૫,૬૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી તૌફિકભાઈ મહેબુબભાઈ હાજીસા બુખારી રહે. ખાટકીવાસ મોરબી વાળાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે આ કેસમાં માલ મંગાવનાર આરોપી સાહીલ હનીફભાઈ પરમાર રહે. રાજકોટ વાળો પોલીસની રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવવામાં આવ્યો છે. પોલીસે દારૂ, બેટરી પાણીની બોટલ, બનાવટી ખોટા બિલ અને સી.એન.જી. લોડીંગ રીક્ષા મળી કુલ રૂ.૪,૫૭,૪૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ પોલીસે બંને આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં મોરબી કોર્ટે આપ્યો કડક ચુકાદો : ૨ વર્ષની સજા અને રૂ.૯ લાખનો દંડ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ચેક રિટર્નના એક મહત્વના કેસમાં મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા આરોપી શ્રેય પ્રવીણભાઈ કાલાવાડિયાને બે વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૯,૦૦,૦૦૦/- દંડ ફટકારવામાં આવ્યો છે.

કેસની હકીકત મુજબ ફરીયાદી દીપકભાઈ મોહનભાઈ ગજરા અને આરોપી પરિચિત હતા. આરોપીને નાણાંકીય જરૂરિયાત પડતા ફરીયાદીએ વિશ્વાસના આધારે રૂ. ૪,૫૦,૦૦૦/- વ્યાજ વિના હાથ ઉછીના આપ્યા હતા. ત્યારબાદ રકમ પરત માંગતા આરોપીએ બેંક ઓફ બરોડા, મોરબી શાખાનો સહી કરેલો ચેક આપ્યો હતો.

ફરીયાદીએ ચેક વસુલાત માટે પોતાના ખાતામાં જમા કરાવતા તે "પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર" ના કારણે પરત ફર્યો હતો. આ અંગે ફરીયાદીએ આરોપીને જાણ કરી હતી, તેમ છતાં કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. તા. ૦૯/૦૧/૨૦૨૫ના રોજ કાયદેસરની નોટિસ મોકલવામાં આવી હોવા છતાં આરોપીએ ન તો રકમ પરત કરી અને ન કોઈ પ્રતિસાદ આપ્યો.

આથી ફરીયાદીએ ભારતીય વટાઉખત અધિનિયમ, કલમ ૧૩૮ હેઠળ પોતાના વકીલ ખુશ્બુ પી. વીસાણી મારફતે મોરબી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને દલીલો માન્ય રાખીને અદાલતે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે વિવાદિત રકમ રૂ. ૪,૫૦,૦૦૦/-ની ડબલ રકમ એટલે કે રૂ. ૯,૦૦,૦૦૦/- દંડ તથા બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. વધુમાં, જો આરોપી દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો વધારાના ૯૦ દિવસની સાદી કેદ ભોગવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરીયાદી પક્ષ તરફેથી એડવોકેટ ખુશ્બુ પી. વીસાણી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સાધના કોલોનીમાં સિક્કો ઉછાળી જુગાર રમતા ૧૩ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સાધના કોલોની વિસ્તારમાં બ્લોક નં. ૫૩ પાસે ચલણી સિક્કો ઉછાળી જુગાર રમતા ૧૩ શખ્સ ઝડપાયા છે. પટમાંથી રૂ. ૩૪,૨૫૨ પોલીસે કબજે કર્યા છે. શાકમાર્કેટ નજીક ઊભા રહી વર્લીનું બેટીંગ લેતા બે શખ્સ મળી આવ્યા છે અને ખંભાળીયા નજીક ગોઈંજ ગામ તરફ જવાના રસ્તા પર બાવળની જાળીમાં ગંજીપાના કૂટી રહેલા છ શખ્સ ઝડપાઈ ગયા છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી નવી સાધના કોલોનીના બ્લોક નં. એમ-૫૩ પાસે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે ત્યાં આવેલા પ્રોવીઝન સ્ટોર નજીક દરોડો પાડયો હતો.આ સ્થળેથી ઈમરાન બશીર બ્લોચ ઉર્ફે મની, દીપ હિતેશ પ્રભુભાઈ નંદા, ભૂપત ભાઈલાલ ચાંદ્રા, ઈમરાન ગફાર ખફી ઉર્ફે ઈભુડો, તુષાર કેતનભાઈ શેઠીયા, શાહહુસેન ઉર્ફે ઈમરાન અલારખા અફી, ધર્મેન્દ્રસિંહ પ્રફુલસિંહ ચૌહાણ ઉર્ફે રાધે, શામજીભાઈ રાજાભાઈ શીયાર, અજય લક્ષ્મણભાઈ પરમાર નામના દસ શખ્સ મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૩૪,૨૫૦ રોકડા કબજે કર્યા છે. અને રવિ મગનભાઈ ચૌહાણ, રવિ આરમુગમ મુદલીયાર, અનીલ સોમાભાઈ ચાવડા નામના શખ્સોની શોધ આરંભી છે.જામનગરના સુભાષ માર્કેટ વિસ્તારમાં આવેલા વેરસીવાડના ઢાળીયા પાસેથી રવજી હકુભાઈ કંટારીયા નામનો શખ્સ અને ત્યા આવેલી એક હોટલ પાસેથી કાદર ઈબ્રાહીમ સીપાઈ નામના બે શખ્સ વર્લીના આંકડા લખતા મળી આવ્યા છે. પોલીસે રોકડ તથા આંકડા લખેલી બે ચીઠ્ઠી કબજે કરી જુગાર ધારાની કલમ ૧૨અ હેઠળ ગુન્હો નોંધ્યો છે.ખંભાળીયા તાલુકાના સલાયા ગામથી ગોઈંજ ગામ તરફ જવાના રસ્તા પર જાહેરમાં ગંજીપાના વડે તીનપતી રમતા ઈમરાન ઈશાક ભાયા, ફારુક જાકુબ ગજણ, હસન કાસમ ભાયા, શબ્બીર હુસેન સંઘાર, નાસીર જુનુસ ભાયા નામના છ શખ્સ સલાયા મરીન પોલીસ સ્ટેશનના દરોડામાં ઝડપાયા હતા. પટમાંથી રૂ. ૧૦,૧૭૦ ઝબ્બે લેવાયા છે.

# જામનગરમાં ધારાસભ્ય દિવ્યેશ અકબરી ના હસ્તે વોર્ડ નં.૧૫માં એક કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં વિકસિત ભારત, વિકસિત ગુજરાત અંતર્ગત વોર્ડ નં. ૧૫ માં ૧૦૬.૦૨ લાખના ૧૯ વિકાસના કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.જે અંતર્ગત સૌ પ્રથમ દલવાડી વાસ શેરી નં. ૭માં સી.સી. રોડના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સોમનાથ સોસા., શેરી નં.૩ માં હેમભા ના ઘર થી લાલભાઈ ના ઘર સુધી સી.સી. રોડનું કામ તેમજ અજીતસિંહના ઘરથી રાજભાના ઘર સુધી સી.સી. રોડના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.ત્યાર પછી ગંભીરસિંહ ના ઘરથી કિરીટસિંહના ઘર સુધી સી. સી. રોડનું કામ, જ્યારે સોમનાથ સોસા., શેરી નં.૨ માં મુકેશભાઈ ના ઘરથી જુવાનસિંહના ઘર સુધી સી.સી. રોડ નું કાર્ય જ્યારે અજીતસિંહની દુકાન થી બાલુભાના ઘર સુધી સી. સી. રોડના કામનું ખાત મુહૂર્ત કરાયું હતું.

ત્યારબાદ તેજ વિસ્તારમાં પહેલી શેરીથી વાછરાડાડાના મંદિર સુધી સી. સી. રોડનું કામ, અને શાંતિલાલ કણઝારિયા ના ઘરથી વાછરાડાડાના મંદિર સુધી સી.સી. રોડનું કામનું ખાત મુહૂર્ત કરાયું હતું. જ્યારે લક્ષ્મીનગર પારુબેન ના ઘરથી નવીનભાઈના ઘર સુધી સી. સી. રોડનું કામ, અને વિજયભાઈ ના ઘરથી જાગૃતિબેન ના ઘર સુધી સી. સી. રોડનું કામ તેમજ લીલાબેન ના ઘરથી પુરણદાસ ના ઘર સુધી સી. સી. રોડનું કામ, અને હરદેવસિંહ ના ઘર સુધી સી. સી. રોડ ના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.ત્યારબાદ લક્ષ્મીનગર મેઈન રોડમાં સી. સી. રોડનું કામ, મારુતિ નગર સેરી નં.૩માં કોળી સમાજની વાડી પાસેના કોમન પ્લોટમાં પેવર બ્લોક ફિટ કરવા ના કાર્ય નું ખાત મુહૂર્ત કરાયું હતું.જ્યારે શંકર ટેકરીમાં કૃષ્ણ ગાર્ડન નજીક નંદ ઘરથી કેશુભાઈ છાયા ના ઘર સુધી સી.સી. રોડનું કામ, અને ઈન્દ્રભારતી બાપુના આશ્રમ પાસેની સેરી માં સી. સી. રોડનું કામ, જ્યારે રાવલ સમાજ ટ્રસ્ટની જગ્યા માં કોમ્યુનિટી હોલ બનવાનું કામ, તેમજ કોળી સમાજ ટ્રસ્ટની જગ્યા માં કોમ્યુનિટી હોલ બનવાનું કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત તમામ વિકાસ કાર્યો ના ખાતમુહૂર્ત સમયે ધારાસભ્ય દિવ્યેશ અકબરીનું સ્થાનિક અગ્રણીઓ દ્વારા અભિવાદન કરીને આવકાર અપાયો હતો. જેઓની સાથે જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મૃગેશભાઈ દવે, ભાવેશભાઈ ઠુંમર, ઉપરાંત વોર્ડ નંબર ૧૫ ના કોર્પોરેટર હર્ષાબા જાડેજા તથા શોભનાબેન પઠાણ ઉપરાંત શહેર ભાજપના અન્ય અગ્રણીઓ, વોર્ડ નંબર ૧૫ ના ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમુખ- મહામંત્રી, સ્થાનિક કાર્યકરો, અને અન્ય અગ્રણીઓ વગેરે બહોળો સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારા-અમરાપર રોડ ખાતે બાઈકમાં વિદેશી દારૂની બે બોટલ સાથે નીકળેલ એકની અટક

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ટંકારા-અમરાપર રોડ ઉપર એક શંકાસ્પદ રીતે ચલાવીને આવતા મોટર સાયકલ રજી.નં. જીજે-૨૦-બીડી-૨૬૯૦ને રોકી તેની તલાસી લેતા, બાઈકમાં લગાડેલ થેલામાંથી વિદેશી દારૂ મેકડોવેલ્સ રમની બે બોટલ કિ.રૂ.૨,૨૦૦/-મળી આવી હતી. જેથી તુરંત બાઈક ચાલક આરોપી વિપુલભાઈ સોમાભાઈ ડામોર ઉવ.૨૯ હાલ રહે.હરબટીયાળી ગામ વાડીની ઓરડીમાં મૂળ રહે. દાહોદ જીલ્લાના મોતીવાવ ગામ વાળાની ટંકારા પોલીસે અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# મહાશિવરાત્રીના મેળાના લાખો ભાવિકોની વ્યવસ્થા જળવાઈ રહે તેવું વહીવટી તંત્રનું માઈક્રો પ્લાનિંગ: મહાશિવરાત્રી મેળા માટે ૨૫ વાહન પાર્કિંગ સાથે સુવ્યવસ્થિત આયોજન

### દરરોજ લાખો ભાવિકોના વાહનો માટે સુરક્ષિત અને સુવિધાસભર પાર્કિંગ વ્યવસ્થાની વ્યવસ્થા

### ભાવિકોએ વ્યક્ત કર્યો સંતોષ: પાર્કિંગમાં સીસીટીવી, બેસવા,પીવાનું પાણી અને રાઉન્ડ ધ ક્લોક સુરક્ષા

**ખાસ લેખ:- ક્રિષ્ના સીસોદિયા**
**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢના ગરવા ગિરનારની ગોદમાં યોજાતા મહાશિવરાત્રીના મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓને વાહન પાર્કિંગમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા એક મહિનાથી વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને મહાનગરપાલિકાના સંયુક્ત સંકલનથી ૨૫ જેટલા અધ્યતન પાર્કિંગ સ્થળો તૈયાર કરવામાં આવ્યા છે.આ સુવ્યવસ્થિત આયોજનના કારણે મેળા દરમિયાન ભાવિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે દિશામાં સફળ પ્રયાસ સાબિત થયો છે. વાહન પાર્કિંગની સુચારુ વ્યવસ્થાને ભાવિકોએ આવકાર આપી જિલ્લા વહીવટી તંત્રની કામગીરીની પ્રશંસા કરી છે.

મેળા દરમિયાન દરરોજ સરેરાશ ૩ થી ૪ લાખ લોકો ઉમટી પડતા હોય છે. આ વિશાળ જનમેદનીને ધ્યાને રાખીને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને માર્ગ-મકાન વિભાગના સહયોગથી પાર્કિંગના સ્થળો તૈયાર કરાયા છે. આ આયોજનને કારણે ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.ખાસ કરીને જયા લાખોની જનમેદની એકત્ર થતી હોય છે ત્યા વાહન પાર્કીંગ એ સૌથી મહત્વનુ બની રહેતુ હોય છે.

આ પાર્કિંગ વ્યવસ્થા માટે વાહનનો પ્રકાર, ભાવિકોના ઘસારાની ક્ષમતા સહિતની બાબતે ધ્યાનમાં લઈને પાર્કિંગ સ્થળ નક્કી કરવામાં આવ્યા હતા. નાના પાર્કિંગ વિસ્તારમાં પણ હોમગાર્ડ અને જીઆરડી ના જવાનો ની સતત મહેનતથી ક્ષમતા કરતા વધારે વાહનો પણ પાર્ક કરવામાં આવી રહ્યા હતા. જેથી ભાવિકોને નજીકમાં નજીક પાર્કિંગની વ્યવસ્થા મળી શકે.

આ વખતે મહાશિવરાત્રી મેળા નું ભવ્ય અને દિવ્ય આયોજન રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. જેના અનુસંધાને વધારે શ્રદ્ધાળુઓને ધ્યાનમાં પાર્કિંગ સ્થળોની સંખ્યા પણ વધારવામાં આવી છે.ખાસ કરીને વહીવટી તંત્રને મદદરૂપ થવા ખાનગી પાર્કિંગને પણ સંચાલકોએ શ્રદ્ધાળુ માટે નિશુલ્ક આપ્યા છે.

છેલ્લા એક મહિનાથી વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહાનગરપાલિકાના સંકલનથી સુરક્ષિત સગવડતા ભર્યા પાર્કિંગ વ્યવસ્થા ની તૈયારી કરવામાં આવી હતી.પાર્કિંગમાં બેસવાની, પાણીની સીસીટીવી કેમેરા, ટોયલેટ સહિતની સુવિધા ઉપલબ્ધ છે.

ભાવિકોએ વાહન પાર્કિંગના થયેલા આયોજનને પણ આવકાર્યું હતું. અને વહીવટી તંત્રની વ્યવસ્થાને બીરદાવી હતી.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૨૫ પાર્કિંગ બનાવવામાં આવ્યા છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ મહાનગરપાલિકા જૂનાગઢ અને માર્ગ મકાન વિભાગની કામગીરીથી તૈયાર થયેલા પાર્કિંગના તમામ સ્થળો લાઈટ સિનિટેશન, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, રાઉન્ડ ક્લોક પોલીસ બંદોબસ્ત હોય છે. આ માટે જિલ્લા કક્ષાએ પાર્કિંગ સમિતિની રચના પણ કરવામાં આવી છે અને પાર્કિંગની તમામ વ્યવસ્થાનું મોનિટરિંગ તેમના હસ્તક કરવામાં આવી રહ્યું છે.

# આત્મહત્યા કરવા જતી યુવતીમા જીજીવિશા જગાવતી ૧૮૧ અભયમ્ ટીમ

### પરિવાર ધ્યાન આપતો નથી એવી ગેરસમજ સફળ કાઉન્સેલિંગથી દૂર કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રવર્તમાન સમયમાં નાની-નાની સમસ્યાના કારણે યુવાધન જીવનથી કંટાળી આત્મહત્યાનો પ્રયાસ કરતા જોવા મળે છે. જીવન અમૂલ્ય છે, એ સમજ કેળવવી જરૂરી છે. જરૂર પડ્યે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન આ પ્રકારના કિસ્સામાં મદદરૂપ બની રહી છે. જેનો એક કિસ્સો હાલમાં જોવા મળ્યો છે.

તાજેતરમાં અભયમ્ હેલ્પલાઈન પર એક જાગૃત નાગરિકનો કોલ આવ્યો કે એક અજાણી યુવતી પુલ પરથી આત્મહત્યા કરવા જાય છે. કોલ આવતાની સાથે જ બી ડિવિઝન પોલીસ સ્ટેશન સ્થિત અભયમ્ વાનના કાઉન્સેલર કૃપાલીબેન ત્રિવેદી, મહિલા કોન્સ્ટેબલ ઋત્વિકાબેન રાઠોડ, પાયલોટ વિશ્વાસભાઈ સહિતની ટીમ ગણતરીની મિનિટમાં ઘટનાસ્થળ પર પહોંચી ગયેલી.

આ દરમિયાન જાગૃત નાગરિકે યુવતીને પુલ પરથી નીચે સલામત ઉતારી લીધી હતી. અભયમ્ ટીમ યુવતીને મળતા, તે ''હવે મારે જીવવું નથી. મને મરવા દયો''નું રટણ કરતી હતી. ટીમે યુવતીને સાંત્વના આપીને તેની આપવીતી સાંભળી હતી. યુવતીએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ''તબિયત સારી રહેતી નથી. ઘરમાંથી ભાઈ કે મમ્મી-પપ્પા સહકાર આપતા નથી. ઘરની બહાર નીકળવા નથી દેતા અને માત્ર ભાઈઓને જ સારી રીતે રાખે. હું તેમના માટે કંઈ છું જ નહીં. પરિવાર માટે મારે શું કામ જીવવું જોઈએ.''

ત્યારબાદ ટીમ દ્વારા યુવતીના પપ્પાનો ટેલિફોનીક સંપર્ક કરી તેમને ઘટના સ્થળ પર બોલાવ્યા હતા. ટીમ દ્વારા તેમનું કાઉન્સેલિંગ કરતા યુવતીના પિતાએ કહ્યું હતું કે, ''હું બાપ તરીકે એવો અન્યાય કરતો નથી. બાળકો મને સમસ્યા જણાવે તો કોઈ રસ્તો નીકળે.'' લાંબી સમજાવટ બાદ યુવતી તેમજ તેમના પપ્પા અને ભાઈને સમજાવીને ઘરે જવા તૈયાર કરવામાં આવ્યાં. યુવતીને તેમના પરિવારજનોને સોંપી, જરૂર પડ્યે મદદરૂપ બનવા પણ અભયમ્ ટીમ દ્વારા દિલાસો આપવામાં આવ્યો હતો. યુવતીનું માનસ પરિવર્તન કરાવવા બદલ પરિવાર દ્વારા અભયમ્ ટીમ તેમજ બચાવનારા જાગૃત નાગરિકનો આભાર માનવામાં આવ્યો હતો.

# મહાશિવરાત્રીના મેળામાં જાણીતા પાર્શ્વ ગાયક પાર્થ ઓઝાએ શિવ ભક્તિમય પ્રસ્તુતિઓએ આપીને શ્રોતાઓને ડોલાવ્યાં

### લોક ગાયક રાજદાન ગઢવીએ પણ જમાવટ કરી ભાવિકો ભાવવિભોર બન્યાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ -ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર- જૂનાગઢ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમને હજારોની સંખ્યામાં ભાવિકોએ માણ્યો

મહાશિવરાત્રીના મેળાના ત્રીજા દિવસે ભક્તિ સંગીત માટે જાણીતા પાર્શ્વ ગાયક શ્રી પાર્થ ઓઝાએ ભગવાન શિવજીની ભક્તિમય પ્રસ્તુતિ આપીને શ્રોતાઓને ડોલાવ્યાં હતા. ઉપરાંત લોકગાયક રાજદાન ગઢવીએ શિવભક્તિ અને ગુજરાતના આગવા લોકગીતો રજૂ કરીને જમાવટ કરી હતી, આ પ્રસ્તુતિઓ સાંભળી હજારો શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા. કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ -ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર- જૂનાગઢ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમને મહાશિવરાત્રીના મેળામાં મોટી સંખ્યામાં પધારેલા ભાવિકોએ માણ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ જજ પી. જી. દવે, કમિશનર તેજસ પરમાર, પ્રાંત અને મેળાધિકારી ચરણસિંહ ગોહિલ સહિતના પદાધિકારી -અધિકારી પણ સહભાગી બન્યા હતા.

# મેદસ્વિતા મુક્તિ તથા તંદુરસ્તીની વૃદ્ધિ માટે બાજરો સુપર ફૂડ સમાન

### થાળીમાંથી ભુલાતા બાજરાને નિયમિત સ્થાન આપીને સ્વાસ્થ્યને સુધારીએ

**આલેખન: સંદીપ કાનાણી**
**મુખ્ય સમાચાર, રાજકોટ**

રોટલો ખાઈને રોજ રળે, બાજરો ખાઈને બળ મળે - આ કહેવત બાજરાનું મહત્ત્વ દર્શાવે છે. એક સમય હતો કે, લોકોની થાળીમાં બાજરા-બાજરીનો રોટલો અચૂક જોવા મળતો, પરંતુ હવે આ ધાન્ય થાળીમાં ઓછું જોવા મળે છે. બદલાયેલી લાઈફસ્ટાઈલ, જંકફૂડ સહિતના કારણે મેદસ્વિતાનું પ્રમાણ વધતું જોવા મળે છે, ત્યારે બાજરો મેદસ્વિતાથી મુક્ત થવા માટે સુપર ફૂડ સમાન છે.

રાજ્યના નાગરિકો મેદસ્વિતા મુક્ત બનીને તંદુરસ્ત રહે તે માટે ગુજરાત સરકારે મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન શરૂ કર્યું છે. જે અંતર્ગત, સ્વાસ્થ્યવર્ધક જીવનશૈલી અપનાવવા પર ભાર મૂકવામાં આવે છે. સ્વાસ્થ્યમાં આહારની મહત્ત્વની ભૂમિકા છે અને આરોગ્ય નિષણાતો તંદુરસ્તીના જતન માટે બાજરા-બાજરીને સર્વોત્તમ આહાર ગણાવે છે.

ભારતીય શ્રીઅન્ન અનુસંધાન સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિલેટ્સ રિસર્ચ)ના અહેવાલ મુજબ, બાજરી માત્ર એક અનાજ નથી, પણ પ્રકૃતિ દ્વારા અપાયેલું એક ઔષધ છે. તે ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર હોય છે.

નિષ્ણાતો બાજરીને 'બરછટ અનાજ' કહે છે, જે શરીરને આંતરિક ગરમી આપવાની સાથે અનેક ગંભીર બીમારીઓ સામે રક્ષણ આપે છે.

મેદસ્વિતા ઘટાડવામાં બાજરી નોંધપાત્ર રીતે અસર કરે છે. તેના મુખ્ય બે કારણો છે (૧) બાજરીમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોવાથી પેટ લાંબા સમય સુધી ભરેલું લાગે છે, પરિણામે વારંવાર ખાવાની આદત છૂટે છે. (૨) બાજરીમાં રહેલા જટિલ કાર્બોહાઈડ્રેટ્સ શરીરમાં ધીમે-ધીમે એનર્જી મુક્ત કરે છે, જે વજન ઘટાડવામાં કુદરતી રીતે મદદરૂપ થાય છે.

બાજરીના સેવનથી મેદસ્વિતા તો ઘટે જ છે, સાથે શરીરના અન્ય અંગોને પણ અનેક લાભ થાય છે. બાજરી શરીરમાંથી ઝેરી તત્ત્વો દૂર કરવામાં મદદ કરે છે. તે કબજિયાત, ગેસ, એસિડિટી અને સોજા જેવી સમસ્યાઓ નિવારે છે. તે પાચનતંત્રમાં 'પ્રિબાયોટિક' તરીકે કામ કરી સારા બેક્ટેરિયા વધારે છે. બાજરીમાં રહેલું નિયાસિન (વિટામિન ૩) કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે. પોટેશિયમ અને ફાઈબર બ્લડ પ્રેશરને નિયંત્રિત કરી હૃદયરોગના જોખમને ઘટાડે છે. બાજરીનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો હોવાથી ડાયાબિટીસ ટાઈપ-૨ ના દર્દીઓ માટે તે આશીર્વાદરૂપ છે. સંશોધનો મુજબ, તે સ્તન કેન્સર અને પેટના કેન્સર (જઠરાંત્રિય જોખમો) સામે રક્ષણ આપે છે. કેલ્શિયમ અને ફોસ્ફરસથી ભરપૂર બાજરી સાંધાના દુખાવા દૂર કરી હાડકાંને મજબૂત બનાવે છે. બાજરી કુદરતી રીતે ગ્લુટેન મુક્ત અને એસિડ વિરોધી ગુણો ધરાવે છે, જે શરીરના આંતરિક વાતાવરણને સંતુલિત રાખે છે. તે અસ્થમાના દર્દીઓ માટે ફાયદાકારક છે અને કિડની તેમજ લિવરની કાર્યક્ષમતામાં સુધારો કરે છે.

શરીરને બળશાળી અને મેદસ્વિતામુક્ત બનાવવા મેંદા અને પ્રોસેસ્ડ ફૂડનો ત્યાગ કરીને થાળીમાં બાજરાના રોટલાને સ્થાન આપવું પડશે. આ પરિવર્તન આપણને દીર્ઘાયુ અને નિરોગી બનાવશે, તેવો અભિપ્રાય આહાર નિષણાતો વ્યક્ત કરી રહ્યા છે.

# ટંકારામાં સરકારી ખરાબો-ગૌચર જમીન કૌભાંડમાં નવો ધડાકો

### રેવન્યુ સર્વે નં. ૭૩૧/૪ મામલે મૂળ માલિકોના વારસદારોનો દાવો, ૧૧ જણાને આખરી નોટિસ, બાંધકામ રોકવા ચેતવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા ખાતે ચાલી રહેલા સરકારી ખરાબો/ગૌચર જમીન કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે. રેવન્યુ સર્વે નં. ૭૩૧ પૈકી ૪ વાળી જમીન અંગે મૂળ માલિકોના વારસદારો દ્વારા દાવો કરી ૧૧ જણાને આખરી નોટિસ પાઠવી બાંધકામ અને વેચાણ વ્યવહાર તાત્કાલિક બંધ રાખવા ચેતવણી આપવામાં આવી છે. ત્યારે સમગ્ર મામલો હવે સિવિલ કોર્ટ અને રેવન્યુ સત્તાધિકારીઓ સમક્ષ પડકારવામાં આવશે.

ટંકારા ગામની રેવન્યુ સર્વે નં. ૭૩૧ પૈકી ૪ વાળી આશરે ૫-૦૦ ગુઠા જમીનને લઈને વિવાદ તેજ બન્યો છે. નોટિસ મુજબ, આ જમીન મૂળ સ્વ.અમરાભાઈ ભાણાભાઈ જાદવને સાંથણીમાં મળેલી હતી અને ત્યાર-બાદ હક્કપત્રક નોંધ સુધારા હુકમથી તેમના પુત્ર સ્વ.દલાભાઈ અમરાભાઈ જાદવના નામે રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલ હતી. વારસદાર રમેશચંદ્ર દલાભાઈ જાદવ રહે. ઉગમણા નાકા વણકરવાસ ટંકારા વાળાના કહેવા મુજબ, તેમના દાદા-પિતાએ કોઈ વેચાણ દસ્તાવેજ કર્યા નથી. અભણતા અને કાનૂની અજ્ઞાનતાનો લાભ લઈને ઉતરોતર વેચાણ દસ્તાવેજો થયાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. તાજેતરમાં રેવન્યુ રેકોર્ડની તપાસ દરમ્યાન એકથી વધુ વેચાણ દસ્તાવેજો અને શંકાસ્પદ હુકમોની નોંધ મળતાં સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો હોવાનું જણાવાયું છે. આ સાથે નોટિસમાં ઉલ્લેખ છે કે છેલ્લો વેચાણ દસ્તાવેજ નં. ૨૪૬૦ તા.૧૭/૦૯/૨૦૨૪ ટંકારા સબ-રજી. કચેરીમાં નોંધાયેલ છે, જે ગોકુલધામ ડેવલોપર્સના ભાગીદારો દ્વારા કરાયો હોવાનું કહેવાય છે. જમીનમાં બિનખેતી હુકમ મેળવી રહેણાંક તેમજ કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું બાંધકામ શરૂ કરાયું હોવાની પણ જાણકારી સામે આવી છે.

આ અંગે વારસદારો દ્વારા સિવિલ કોર્ટ ટંકારા તેમજ રેવન્યુ ઓથોરિટી સમક્ષ ખોટા અને બોગસ વેચાણ દસ્તાવેજો રદ કરવા કાર્યવાહી શરૂ કરાઈ હોવાનું જણાવાયું છે. નોટિસ દ્વારા બાંધકામ તથા આગળના કોઈપણ વેચાણ વ્યવહાર તાત્કાલિક બંધ રાખવા ચેતવણી આપી છે, નહિતર ફોજદારી તથા સિવિલ કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપવામાં આવી છે. જમીન કૌભાંડના આ નવા વળાંકથી ટંકારા વિસ્તારમાં ફરી ચકચાર મચી છે.

# માળીયા(મી) મોટી બરાર ગામ નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત, બાઈક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)ના મોટી બરાર નજીક રોડ ઉપર બાઈક ચાલકે પોતાનું બાઈક ફૂલ સ્પીડમાં ચલાવી ટ્રક સાથે અથડાવી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોચતા મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટ્રક ચાલકની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) તાલુકાના મોટી બરાર ગામ નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતનો બનાવ સામે આવ્યો હતો. જે અકસ્માતની મળતી વિગતો મુજબ, ગઈ તા.૧૦/૦૨ના રોજ પીપળીયા ચાર રસ્તાથી માળીયા(મી) તરફ જઈ રહેલ ટ્રક રજી.નં. જીજે-૧૨-એટી-૫૮૦૯ ના ચાલક નારાયણરામ પ્રહલાદરામ ચૌધરી મૂળ રાજસ્થાનના વતની હાલ સામખીયાળી ટ્રાન્સપોર્ટની ઓફિસમાં રહેતા હોય જેઓ પોતાનો ટ્રક પોતાની સાઈડમાં ચલાવીને જતા હોય તે દરમિયાન સામેથી ફૂલ સ્પીડમાં આવતા મોટર સાયકલ રજી.નં. એમપી-૬૯-ઝેડડી-૨૮૪૮ના ચાલક સંજય સુંદરસિંહ માવી ઉવ.૨૯ હાલ રહે. કુંભરીયા ગામ તા.માળીયા(મી) મૂળ બાવડી ફળીયા જી.અલીરાજપુર મધ્યપ્રદેશ વાળો રોડ વચ્ચેના વાઈટ પટ્ટા ક્રોસ કરી સામેથી આવતા ટ્રકના ડ્રાઈવિંગ સાઈડમાં મોટર સાયકલ અથડાવી અકસ્માત સર્જ્યો હતો. જે બાદ મોટર સાયકલ ચાલકને ૧૦૮ મારફત સારવાર અર્થે મોરબી જ્યાંથી રાજકોટ સારવાર માટે દાખલ કર્યો હતો જ્યાં ચાલુ સારવાર દરમિયાન સંજય માવીનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટ્રક ચાલકની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે મૃતક બાઈક ચાલક સંજય માવી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવલખી પોર્ટ ખાતે ટ્રક હડફેટે ચાલીને જઈ રહેલ શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના નવલખી પોર્ટ ખાતે આવેલ પ્લોટ નં.૧૦-સી માં ટ્રક ટ્રેઈલરની ઠોકરે કોલસાની ટ્રકમાં તાલપત્રી બાંધવાની મજૂરી કામ કરતા શ્રમિક યુવકનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને નાસી ગયો હતો. ત્યારે મૃતકના પિતાની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની અટક કરવા શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, માળીયા(મી) તાલુજના વવાણીયા ગામે રહેતા સીદીકભાઈ ઈશાભાઈ ઉમરભાઈ બુચડ નવલખી પોર્ટ ખાતે કોલસાની ટ્રકમાં તાલપત્રી બાંધવાની મજૂરીનું કામ કરે છે, ત્યારે ગઈકાલ તા.૧૩/૦૨ની રાત્રીએ નવલખી પોર્ટમાં કોલસાના ભરેલ પ્લોટ નં.૧૦-સી માં ટ્રકમાં તાલપત્રી બાંધવાનું કામ પૂર્ણ કરીને ચાલીને જતા હતા તે દરમિયાન પાછળથી આવતા ટ્રક ટ્રેઈલર રજી.નં. આરજે-૦૬-જીસી-૩૩૭૩ ના ચાલકે પિતાનો ટ્રક ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી સાગકાવી આવી સીદીકભાઈને પાછળથી ટક્કર મારતા તેઓ રોડ ઉપર પટકાયા હતા, અને ટ્રકના આગળના વ્હીલનો જોટ્ટો સીદીકભાઈના માથા ઉપર ફરી વળતા, માથાનો ભાગ છૂંદાઈ જતા, સ્થળ ઉપર જ સીદીકભાઈનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલરનો ચાલક પોતાનો ટ્રક મૂકીને નાસી ગયો હતો. ત્યારે અકસ્માતમાં મૃત્યુના બનાવ અંગે મૃતક સીદીકભાઈના પિતા ઈશાભાઈ ઉમરભાઈ બુચડ દ્વારા માળીયા(મી) પોલીસ મથક ખાતે આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# માયાભાઈના પુત્રનું કારસ્તાન: બસ લઈ ભવનાથ તળેટીમાં પહોંચ્યો

### જ્યાં મંત્રી-IAS ચાલીને જાય છે ત્યાં જેલમાંથી છૂટેલો જયરાજ બસ લઈને આવ્યો, કલેક્ટરે આપ્યા તપાસના આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગિરનારમાં ચાલી રહેલા શિવરાત્રીના મીની કુંભ મેળામાં વહીવટી તંત્ર દ્વારા આ વર્ષે VVIP કલ્ચરને દેશવટો આપવાના કડક દાવા કરવામાં આવ્યા હતાં. જોકે, જાણીતા લોક સાહિત્યકાર માયા આહિરના પુત્ર જયરાજ આહિરે આ તમામ નિયમોના લીરેલીરા ઉડાડ્યા હોય તેવો વીડિયો સામે આવ્યો છે. જ્યાં મંત્રી-ઈઅજ ચાલીને જાય છે



ત્યાં જેલમાંથી છૂટેલો જયરાજ પ્રાઈવેટ લકઝુરિયસ બસ લઈને આવે છે.

લાખો ભાવિકો જ્યારે કિલોમીટર સુધી પગપાળા ચાલીને મહાદેવના શરણમાં જઈ રહ્યા છે, ત્યારે જયરાજ આહિર પોતાના મિત્રો સાથે ખાનગી બસમાં સવાર થઈને છેક ભવનાથ તળેટીમાં મોડી રાતે પહોંચતા ભારે વિવાદ સર્જાયો છે. જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસીયાએ તપાસના આદેશ આપ્યા છે. આ વર્ષે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા મેળામાં ટ્રાફિક ન સર્જાય અને ભાવિકો શાંતિથી મેળો માણી શકે તે માટે અભૂતપૂર્વ નિર્ણય લેવાયો હતો. જેમાં કોઈપણ ખાનગી વાહન કે બાઈકને મેળાના ક્ષેત્રમાં પ્રવેશની મનાઈ છે.

# મોરબી લીલાપર રોડ ઉપર માનસિક બીમારીથી કંટાળી યુવતીએ ગળેફાંસો ખાધો

મોરબી તાલુકાના લીલાપર રોડ વિસ્તારમાં ૨૫ વર્ષીય યુવતીએ માનસિક બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, આરતીબેન વાલજીભાઈ ખેંગારભાઈ પરમાર ઉવ.૨૫, રહે.લીલાપર રોડ વિલ્સન પેપરમિલની બાજુમાં રોમ સીરામીક સામે ઈંટોના ભઠ્ઠા પાસે તા.જી. મોરબી વાળા છેલ્લા એક વર્ષથી માનસિક બીમા-રીથી પીડાતા હતા અને તેમની દવા ચાલુ હતી. ત્યારે ગઈકાલ તા.૧૩/૦૨ના રોજ પોતાના રહેણાંક મકાનના રૂમમાં છતના પતરા નીચે આવેલી લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પિતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

# મોરબી મહેન્દ્રનગરમાં યુવાને ફલેટમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના મહેન્દ્રનગર વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય યુવાને પોતાના રહેણાંક ફ્લેટમાં ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે. આ મામલે મોરબી સીટી બી ડીવીઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જયદીપભાઈ ચંદુલાલ સંધાણી ઉવ.૨૮, રહે. મહેન્દ્રનગર હળવદ રોડ રામેશ્વર પાર્ક સમૃદ્ધિ પેલેસ બ્લોક નં. ૭૦૧ મોરબી વાળાએ ગઈકાલ તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ પોતાના ફ્લેટના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે દિનેશભાઈ ધરમશીભાઈ માકાસણા રહે.રવાપર રોડ ઉમા રેસીડેન્સી મોરબી વાળા પાસેથી બો ડિવિઝન પોલીસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબીના મચ્છુ-૨ ડેમમાં યુવાનનો મૃતદેહ મળી આવ્યો

મોરબી તાલુકાના લાલપર ગામે કેનાલમાં ન્હાવા ગયેલ યુવાન ડૂબી જતાં તેનો મૃતદેહ મચ્છુ-૨ ડેમના પાણીમાંથી મળી આવ્યો હતો. હાલ તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી છે.

મળતી માહિતી અનુસાર, ગૌતમ બાબુલાલ હાડા ઉવ.૨૪ રહે. હાલ લાલપર પ્રિયાગોલ્ડ કારખાનાની બાજુમાં રહેતા અને મૂળ સુરજખોડી તા. નાગદા જી. ઉજ્જૈન(મધ્યપ્રદેશ) વાળા ગત તા. ૧૦/૦૨ના લાલપર પ્રિયાગોલ્ડ કારખાનાની બાજુમાં આવેલી કેનાલમાં ન્હાવા ગયા હતા. તે દરમિયાન પાણીમાં ડૂબી જતાં ગુમ થયા હતા. જે બાદ તેની શોધખોળ દરમિયાન તેમની લાશ મોરબી તાલુકાના જોધપર ગામ સામે આવેલા મચ્છુ-૨ ડેમના પાણીમાંથી મળી આવી હતી. બનાવ અંગે તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના રંગપર ગામે કારખાનામાં પતરાના કામ દરમિયાન પડી જતા યુવાનનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલા બંધ હાલતમાં રહેલ સિરામીક કારખાનામાં કામ કરતી વખતે ઊંચાઈથી પડી જવાથી યુવાનનું સારવાર દરમિયાન મોત થયું છે. આ મામલે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં અ.મોતની નોંધ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વિક્રમભાઈ પરષોત્તમભાઈ પાટડીયા ઉવ.૩૫ રહે.વીસીપરા ભવાનીનગર તા.જી.મોરબી વાળા ગત તા. ૧૧/૦૨ ના રોજ રંગપર ગામની સીમમાં સોમનાથ પેટ્રોલપંપ સામે આવેલા બંધ હાલતમાં લુકાસો સિરામીક કારખાનામાં પતરા કેચી કટીંગનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન આશરે ૨૫ ફૂટ ઊંચી દિવાલ પર બેસી કામ કરતી વખતે અચાનક નીચે પડી જતાં માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે રાજકોટ સિવિલમાં ફરજ ઉપર હાજર ડોક્ટર દ્વારા જાણ કરવામાં આવતા, મોરબી તાલુકા પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં દિગ્જામ સર્કલ નજીક રેલવેની જગ્યામાં થયેલા દબાણો દૂર કરવા રેલવે તંત્રએ નોટીસો પાઠવતા દોડધામ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દિગ્જામ સર્કલ, હનુમાન ટેકરી નજીક રેલવેની જગ્યામાં થયેલા દબાણો દૂર કરવા રેલવે તંત્રએ નોટીસો પાઠવતા દોડધામ મચી જવા પામી છે. આજે સ્થાનિક લોકોના ટોળા એકત્ર થયા હતાં અને સ્થાનિક કોર્પોરેટરની આગેવાનીમાં રજૂઆત માટે પહોંચ્યા હતાં, પરંતુ પોલીસે ૨૦૦ થી વધુની અટકાયત કરી હતી. જામનગર શહેરમાં દિગ્જામ સર્કલ, હનુમાન ટેકરીમાં રેલવેલાઈન પાસે અસંખ્ય કાચા-પાકા મકાન, ઝુંપડા બાંધી લોકો ત્યાં વસવાટ કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી રેલવે તંત્ર દ્વારા દબાણકારોને નોટીસો પાઠવાઈ રહી છે, અને સાત દિવસમાં રેલવેની જગ્યા ખાલી કરી નાખવા મુદ્દત આપવામાં આવી છે, અને જો સ્વૈચ્છાએ જગ્યા ખાલી કરવામાં નહીં આવે તો પ્રશાસન અને પોલીસનો ઉપયોગ કરી જગ્યા ખાલી કરાવાશે તે પણ આ નોટીસમાં જણાવાયું છે. દરમિયાન



આજે સ્થાનિક કોર્પોરેટર રાહુલ બોરિચાની આગેવાનીમાં અસરગ્રસ્તોના ટોળા મહાનગરપાલિકા કચેરીમાં પહોંચ્યા હતાં અને કમિશનર-મેયરને રજૂઆત કરવા માટે સમય ફાળવવાની માગ કરી હતી, પરંતુ તેઓને મુલાકાત કરવા દેવામાં આવી ન હતી. આખરે ત્યાં હાજર રહેલા પોલીસ દ્વારા ૨૦૦ થી વધુ લોકોની અટકાયત કરી લેવામાં આવી હતી અને તમામને પોલીસ થાણે લઈ જવામાં આવ્યા હતાં.

# જસદણના શિવરાજપુર ગામે પ્રૌઢની હત્યાઃ પુત્ર ગંભીર







મૃતક છગનભાઈ ઝાપડિયા



### શિવરાજપુર નજીક કાળીહક ચોકડી પાસે બનેલો બનાવઃ ૧૫થી ૨૦ શખ્સોના ટોળાએ ધોકા-પાઇપ-છરી વડે કર્યો હુમલોઃ પાંચની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના શિવરાજપુર ગામે બે દિવસ પહેલા થયેલી સામાન્ય બોલાચાલીનું સમાધાન કરવા ભેગા થયા બાદ ખાંડાધાર હડમતીયા ગામના પિતા-પુત્ર પર ૧૫થી ૨૦ શખ્સોના ટોળાએ ઘાતક હથીયારો વડે હુમલો કરતા બન્નેને ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ પિતાને મૃતક જાહેર કર્યા હતા. જયારે પુત્રને ગંભીર ઇજાઓ પહોંચી હોય તેની સારવાર શરૂ કરી હતી. બનાવના પગલે પોલીસે હુમલો કરનાર પાંચ શખ્સોને અટકાયતમાં લઇ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રમાંથી મળતી માહિતી મુજબ જસદણના ખાંડાધાર હડમતીયા ગામે રહેતા છગનભાઇ વિઠ્ઠલભાઇ ઝાપડીયા અને તેના પુત્રને અગાઉ સામાન્ય બાબતે બોલાચાલી થઇ હોય જે બાબતે ગઇ તા.૧૨-૨ ના શિવરાજપુર નજીક કાળીહક ચોકડી પાસે સમાધાન બાબતે ભેગા થયા હતા ત્યારે ૧૫થી ૨૦ શખ્સોના ટોળાએ પ્રથમ પિતા-પુત્ર પર છોટાહાથી ફેરવી દેવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ આ શખ્સોએ ધોકા-પાઇપ-છરી જેવા ઘાતક હથીયારોથી બન્ને પિતા-પુત્ર પર જીવલેણ હુમલો કરી નાસી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા છગનભાઇ ઝાપડીયા અને તેના પુત્રને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા છગનભાઇને સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હોવાનું તબીબોએ જાહેર કર્યુ હતું. જયારે ગંભીર રીતે ઘવાયેલા તેના પુત્રને વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ હત્યાની ઘટના બાદ જસદણ પોલીસ ઘટના સ્થળે દોડી જઇ તપાસ કરતા આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ હોય. જેથી હુમલા ખોરોની ઓળખ કરી પોલીસે પાંચ શખ્સોની ધરપકડ કરી હતી જયારે હત્યાનો ભોગ બનનાર છગનભાઇના પરિવારજનોએ જયાં સુધી હત્યારાઓની ધરપકડ ન થાય ત્યાં સુધી છગનભાઇની લાશ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. જેના પગલે સમાજના અગ્રણીઓ અને રાજકીય આગેવાનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

## રૈયાધારની દુકાનમાંથી વસ્તુ લીધા બાદ વેપારીએ પૈસા માંગતા કુખ્યાત શખ્સ સહિત બેનો હુમલો

### અગાઉ ગાંધીગ્રામ પોલીસ મથક પર સોડા બોટલો ફેંકી આંતક મચાવ્યો હતો : યુનિ.પોલીસે વેપારીની ફરિયાદ પરથી બેલડી સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના ગાંધીગ્રામ પોલીસ મથક પર નશામાં ધૂત થઈ સોડા બોટલો ફેંકી આંતક મચાવનાર કુખ્યાત જેનીશ મહાજન સહિતની ટોળકીને પોલીસે પકડી કાયદાનું ભાન કરાવ્યું હોવાની શાહી સુકાઈ નથી ત્યારે ફરિવાર જેનીશે આંતક મંચાવી વેપારીને મારકૂટ કરી ધમકી આપતા પોલીસમાં ફરિયાદમાં નોંધાઈ છે.

માધાપર ચોકડી પાસે સુંદરમ સોસાયટી શેરી નં ૨માં રહેતા અને રૈયાધારમાં શ્રેય સીઝન શોપીંગ સેન્ટર ધરાવતા સાગર વલ્લભભાઈ પરમારે યુનિ.પોલીસમાં કુખ્યાત જેનીશ મહાજન અને સદામ ઉર્ફે ભુરો સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૯ના તે પોતાની દુકાને હતા ત્યારે જેનીશ અને સદામ આવી સોડા અને પાણીની બોટલ માંગી બાદ અન્ય ચીજ વસ્તુઓ લીધી હોય જેથી વેપારીએ પૈસા માંગતા જેનીશે કહ્યું કે તને પૈસા આપવા નથી.પછી આપી દઈશ જેથી વેપારી બાકીમાં ધંધો કરતો નથી, પૈસા આપીને વસ્તુ લઈ જવાની કહેતા જ શખસ ઉશ્કેરાઈ જઈ ગાળો ભાંડતો હોય જેથી વેપારીએ અહીંથી જતુ રહેવાનું કહેતા બન્નેએ ઝપાઝપી કરી જતા જતા કહ્યું કે અમારી પાસેથી વસ્તુના પૈસા માંગ્યા છે તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ જેનીશ મહાજન સહિતની ટોળકીએ નશામાં ધૂત થઈ ગાંધીગ્રામ પોલીસ મથક પર છુટ્ટા સોડા બોટલોના ઘા કર્યા હતા.જે ગુનામાં પોલીસે પાંચેય આરોપીને ઝડપી કાયદાનું ભાન કરાવ્યું છતાં ફરિ લખાણ ઝળકાવી પોલીસને પડકાર ફેંકયો છે.

## જીવાપરમાં કારખાનેદાર અને શ્રમિકની પત્નીને તાલિબાની સજા





**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણનાં જીવાપર ગામની સીમમાં મહિલા-પુરૂષોનું ટોળુ એક પુરૂષ તથા એક મહિલાને બેફામ ફટકારતાં નજરે પડી રહ્યાં છે. પુરૂષ અને મહિલા બન્ને બચવા ચીસો પાડી રહ્યાં છે. પરંતુ કોઈ મદદે આવી રહ્યું નથી. જાણકાર સુત્રોના કહેવા મુજબ આ મામલે એક કારખાનેદાર અને તેના ખેતરમાં કામ કરતાં ભાગીદારની પત્ની વચ્ચેનો છે. સ્થાનિક પોલીસને પુછતા તેમને કોઈ જાણ નહીં હોવાનો જવાબ મળ્યો હતો જ્યારે રૂરલ એસ.પી. વિજયસિહ ગુર્જ્જરને પુછતા તેમણે જણાવ્યું હતું કે, ઘટનાનો વીડિયો મારા ધ્યાને આવ્યો છે. માર ખાનાર વ્યક્તિ એક કારખાનાનો માલિક છે અને મહિલા શ્રમિકની પત્ની છે. બન્ને વચ્ચે અંગત સંબંધના કારણે ઘટના બન્યાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. આ ઘટનામાં એ.એસ.પી.ને તપાસ સોંપાઈ છે.

## ભવનાથના મેળામાં નાગા સાધુ બગડયાઃ તલવાર લઈ પાછળ દોડયા

### પાલતુ વાનરથી હુમલો કરાવતા અનેકને બચકાં ભર્યાં, જીવ બચાવવા નાસભાગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢના ભવનાથમાં જ્યાં એક તરફ શિવરાત્રિના મેળામાં ભક્તિ અને ભજનનો પ્રવાહ વહી રહ્યો છે, ત્યાં બીજી તરફ દત્ત ચોક વિસ્તારમાં એક સાધુના હિંસક વર્તનને કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ૧૨ ફેબ્રુઆરીની રાતે એક નાગાસાધુએ અચાનક ઉશ્કેરાઈ જઈને હાથમાં ખુલ્લી તલવાર ધારણ કરી નિર્દોષ લોકો અને શ્રદ્ધાળુઓ પાછળ દોડી તેમને ડરાવ્યા હતા. સાધુના આ રૌદ્ર અને અસંયમિત રૂપને જોઈને પવિત્ર મેળામાં દર્શનાર્થે આવેલા યાત્રિકોમાં નાસભાગ મચી ગઈ હતી અને લોકો જીવ બચાવવા આમ-તેમ દોડતા નજરે પડયા હતા. આ હિંસક બનેલા સાધુએ માત્ર તલવારથી જ ડર નથી ફેલાવ્યો, પરંતુ રસ્તાની બાજુમાં સૂતેલા નિરાધાર અને નિર્દોષ લોકોને પણ બેફામ માર માર્યો હતો. આટલું ઓછું હોય એમ, સાધુએ પોતાની સાથે રહેલા કપિરાજ દ્વારા પણ લોકો પર હુમલો કરાવ્યો હતો. આ કપિરાજે અનેક શ્રદ્ધાળુઓને બચકાં ભરીને અને પંજા મારીને ઈજા પહોંચાડી હતી.

દત્ત ચોક જેવા વ્યસ્ત વિસ્તારને સાધુએ જાણે બાનમાં લીધો હોય એવી સ્થિતિ સર્જાતાં મેળાના શાંત અને ધાર્મિક વાતાવરણમાં ડર અને દહેશતનો માહોલ વ્યાપી ગયો હતો. સ્થાનિક લોકો અને દૂર-દૂરથી આવેલા યાત્રિકોમાં આ પ્રકારના અશોભનીય વર્તનથી ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસકાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે ભારે જહેમત બાદ ઉશ્કેરાયેલા સાધુને કાબૂમાં લઈ તેની અટકાયત કરી હતી. અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

## રાજકોટમાં હાર્ટએટેકથી વધુ ત્રણ વ્યક્તિઓના શ્વાસ થંભી ગયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હૃદય બંધ પડી જવાથી વધુ ત્રણ લોકોના મૃત્યું થયા છે. જેમાં રાજકોટના રૈયા રોડ આધેડ, નહેરૂનગરના ભવાનીનગરના આધેડ અને કુચીયાદળ રહેતાં એમપીના યુવાનનુ હૃદય બેસી જતાં મોત થયા હતા

રૈયા રોડ નેહરૂનગર-૬માં રહેતાં અયુબભાઇ હુશેનભાઇ ગાંજા (ઉ.વ.૪૯) ઘરે છાતીમાં દુખાવો ઉપડયા બાદ બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત થયું હતું અયુબભાઇ કરીયાણાની એજન્સી ચલાવતાં હતાં. તેઓ ત્રણ ભાઈમાં નાના હતાં અને સંતાનમાં બે પુત્ર છે. બીજા બનાવમાં રાજકોટના રામનાથપરા ભવાનીનગર-૭માં રહેતાં મુકેશભાઈ સુખાભાઈ ઢાપા (ઉ.વ.૪૮) ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત થયું હતું. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા સગાએ જણાવી હતી. મુકેશભાઈ ડંકી-બોરવેલનું કામ કરતાં હતાં. તે બે ભાઈ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. આ બંને બનાવમાં ગાંધીગ્રામ અને એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં રાજકોટના કુચીયાદળ ગામ જીઆઇડીસીમાં આવેલા સફર કારખાનામાં કામ કરી નજીકમાં રહેતાં મુળ મધ્યપ્રદેશના રતલામના કૈલાસભાઈ નારણભાઈ ડીંડોર (ઉ.વ.૪૦) ઓરડીમાં હતાં ત્યારે છાતીમાં દુઃખાવો થતાં બેભાન થઈ જતાં કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાતા તેનું મોત થતા પરિવારમાં શોક છ્વાઈ ગયો હતો. મૃતક અહિ પાંચેક મહિનાથી રહેવા આવ્યા હતાં. સંતાનમાં બે દિકરી છે. એરપોર્ટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

## આટકોટ પંથકમાં આપઘાત કરનાર સગીરા પ્રેમીએ દુષ્કર્મ આચરતા બની હતી માતા

### સગીરાના પિતાએ સગીર વયના શખસ સામે પોક્સો એક્ટ હેઠળ નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, આટકોટ**



આટકોટ પંથકના એક ગામમાં રહેતી મૂળ એમપીની વતની સગીરાએ અઠવાડિયા પૂર્વે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ સગીરાને એક માસની બાળકી હોય પોલીસને શંકા જતા આ બાબતે તપાસ કરતા દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો.

સગીરાને એમપીમાં જ રહેતા શખસ સાથે પ્રેમ સંબંધ થયા બાદ બંને ભાગીને અહીં આવ્યા હતા અને અહીં સાથે રહેતા હતા. સગીરાની માતાનું મૃત્યુ થતાં તેણી ઘરે જવા માંગતી હોય પરંતુ પિતાએ સ્પષ્ટ ઈન્કાર કરી દેતા લાગી આવતા તેણે ફાંસો ખાધો હતો. સગીરાનુ બાળક તેના સંગીર પ્રેમી થકી હોવાનું માલુમ પડયું હતું. જેથી આ મામલે આ સગીરાના પિતાની ફરિયાદ પરથી આટકોટ પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસની તપાસમાં એવી હકીકત સામે આવી હતી કે, ૧૭ વર્ષની આ સગીરાને મધ્યપ્રદેશમાં તેના વતનમાં જ રહેતા સગીર સાથે પ્રેમ સંબંધ થયા બાદ બંને વતનથી ભાગી એપ્રિલ ૨૦૨૫ માં અહીં આટકોટ પાસેના એક ગામે આવ્યા હતા અને અહીં સાથે રહી ખેતીકામ કરી ગુજરાત ચલાવતા હતા. આ દરમિયાન સગીર પ્રેમીએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હોય જેના થકી તેણે બાળકીને જન્મ આપ્યો હતો. આ સમગ્ર હકીકતો સામે આવ્યા બાદ પોલીસે સગીરાના પિતાને આ બાબત અંગે જાણ કરી હતી. જેથી તેમણે અહીં આવી ફરિયાદ નોંધાવતા આટકોટ પોલીસે સગીરાના પિતાની ફરિયાદ પરથી તેના પ્રેમી એવા સગીરવયના આરોપી સામે દુષ્કર્મ, પોકસો એકટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## ત્રિકોણબાગ પાસે રિક્ષા હડફેટે શાકભાજી લેવા નીકળેલા વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં ત્રિકોણબાગ પાસે રિક્ષાની ઠોકરે ગાયત્રીનગર હસનવાડીમાં રહેતાં વૃધ્ધ ચડી જતાં કમકમાટી ભર્યું મોત થયું હતું. લોકોએ રિક્ષાચાલકને પકડી લઈ પોલીસને જાણ કરી હતી. જાણવા મળ્યા મુજબ અજાણ્યા આશરે ૬૦ વર્ષના એક વૃધ્ધ ત્રિકોણ બાગ પાસે આરએમટીસી બસ સ્ટોપ પાસે રસ્તો જ ઓળંગતી વખતે રિક્ષાની ઠોકરે ચડી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. બેભાન હાલતમાં તેમને ૧૦૮ મારફત મોત થયું હતું સિવિલ હોસ્પિટલ ખસેડાતા તેનું પોલીસ તપાસમાં મૃત્યુ પામનાર વૃધ્ધ ગાયત્રીનગર મેઇન રોડ હસનવાડી-૨/૩ની વચ્ચે બંધ શેરીમાં રિધ્ધી સિધ્ધી ખાતે રહેતાં દિલીપભાઈ કનૈયાલાલ મહેતા-મોઢવણીક (ઉ.વ.૬૬) હોવાનું ખુલ્યું હતું.

આ બનાવમાં મૃતકના પુત્ર પ્રતિકભાઈ મહેતા (ઉં.વ.૩૯)ની ફરિયાદ પરથી રિક્ષા નં. જીજે૨૫વી-૫૦૩૧ના ચાલક ભગવતીપરાના મુકેશ તુલસીભાઈ જેઠવા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર દિલીપભાઈ મહેતા બે ભાઈમાં મોટા હતાં. પ્રતિકભાઈ ડાયમંડ સિંગની દુકાનમાં નોકરી કરે છે. તેમણે જણાવ્યું હતું કે અકસ્માતની જાણ તેમને અમરેલી રહેતા તેમના નાના ભાઈ ભાવિન દ્વારા થઈ હતી. અજાણ્યા વ્યક્તિએ પિતાના ફોન પરથી ફોન કરીને અકસ્માતની જાણ કરી હતી.

પ્રતિકભાઈએ વધુમાં કહ્યું હતું કે મારા પિતાજી ઘરેથી જયુબીલી માર્કેટ ખાતે ફ્રુટ અને શાકભાજી ખરીદ કરવા જવા નીકળ્યા હતાં. ત્યારે ત્રિકોણબાગ પાસે રિક્ષાચાલકે ઠોકરે ચડાવી દેતાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે રિક્ષાચાલકની અટકાયત કરી એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

## રાજકોટની જેલમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



મધ્યસ્થ જેલ રાજકોટ, પ્રિઝન ઈન્ટરવેન્શન પ્રોગ્રામ દિશા યુનિટ રાજકોટ અને સમાજ સુરક્ષા વિભાગ રાજકોટ દ્વારા ''બ્રેકિંગ ચેઈન બિલ્ડિંગ હોપ'' ડ્રગ ડી-એડિક્શન અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું

રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે વી.પી.ગોહિલ જેલઅધિક્ષકની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો, જેમાં બંદીવાન ભાઈઓને નશામુક્તિ અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડો.પ્રાર્થનાબેન સેરસીયા, બાળ સુરક્ષા અધિકારી ડ્રો અલ્પેશભાઈ ગોસ્વામી, ડો.મિલનભાઈ પંડિત, વ ી . ક ે . ઝ ા લ ા પી.એસ.આઈ.એસ.ઓ.જી રાજકોટ સીટી, શાંતિલાલ ચાપુરા, એમ.એમ જસદણવાલા, કૃષ્ણકુમાર ચુડાસમા સ્ટેટ પ્રોગ્રામ મેનેજર-પ્રિઝન - ઈન્ટરવેન્શન પ્રોજેક્ટ જી.એસ.એન.પી તેમજે જેલરની ઉપસ્થિતિમાં અંદાજીત ૨૦૦ થી પણ વધારે બંદીવાન ભાઈઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય બંદીવાન ભાઈઓને નશામુક્તિના મહત્વ વિશે જાગૃત કરવાનો અને તેમને સકારાત્મક જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો હતો.

## લોઠડા ગામે પતિ સાથે ઝઘડો થતાં ઝેરી દવા પી લેનાર યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સરધારના લોઠડા ગામે રહેતાં યુવાને દારૂ પીધેલી હાલતમાં પતિ સાથે ઝઘડો કર્યા બાદ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ યુવાને સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં મોત વિગતો થયુ હતુ વધુ મુજબરાજકોટના લોઠડામાં રહેતો નિતેશ ઉર્ફ વિશાલ સુરેન્દ્રભાઈ રાવ (ઉ.વ.૨૫) આઠેક દિવસ પહેલા ઘરે હતો ત્યારે ઝેર પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. બાદમાં સારુ થઇ જતાં રજા અપાઈ હતી.પણ ગઈકાલે અચાનક ફરી તબીયત બગડતાં બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવારમાં તેનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આપધાત કરનાર નિતેશ ઉર્ફ વિશાલ મુળ બિહારનો વતની હતો. તે ત્રણ ભાઈમાં નાનો હતો. સંતાનમાં એક દિકરી છે. સગાના કહેવા મુજબ નિતેશ સીએનસી કંપનીમાં ઓપરેટર તરીકે કામ કરતો હતો. તેને પતિ સાથે દારૂ પીધેલી હાલતમાં ઝઘડો થયા બાદ માઠુ લાગતાં ઝેરી દવા પી લીધી હતી. મૃતદેહને અંતિમવિધી માટે વતન લઈ જવાયો હતો.

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા પીડિતો માટે ઈન્જેક્શનની વ્યવસ્થા કરવા શિવસેનાની રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરની સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓની હાલત કફોડી બની રહી છે. ખાસ કરીને થેલેસેમિયા પીડિતો માટે અત્યંત આવશ્યક એવા (ડેસ્ફરલ) ઈન્જેક્શનની લાંબા સમયથી અછત હોવાના ગંભીર આક્ષેપ સાથે આજે શિવસેના દ્વારા કલેક્ટર અનેસિવિલ સર્જનને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. શિવસેના આવેદનમાં જણાવ્યું હતું કે થેલેસેમિયાના દર્દીઓ માટે અનિવાર્ય એવા ઈન્જેક્શન ન મળવાને કારણે દર્દીઓનો જીવ જોખમમાં મુકાયો છે.

હોસ્પિટલમાં ઘણીવાર મેડિકલ મશીનો બંધ રહે છે, જેના કારણે સમયસર તપાસ અને સારવાર મળતી નથી. હોસ્પિટલના સ્ટાફ દ્વારા દર્દીઓ સાથે અણછાજતું અને અસંતોષકારક વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદો પણ ઉઠી છે. આરોગ્ય સેવાઓમાં અનિયમિતતા અને વહીવટી બેદરકારીને કારણે ગરીબ દર્દીઓને આર્થિક અને માનસિક ત્રાસ ભોગવવો પડી રહ્યો છે.